श्री हरिः

સચિત્ર સિદ્ધપુર માહાત્મ્ય.

સંશોધક અને પ્રકાશક,

વૈદ્ય કેશવલાલ દાદાભાઇ ભટ્ટ,

ઓરસદવાળા-શુભનિવાસ સીદ્ધપુર.



પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૮૨. સન ૧૯૨૫.

ન્યોછાવર રૂ. ૦-૪-૦.

શાન્તિભુવન ઔષધાલય.

આ ઔષધાલયમાં ધર્મની ખાસ લાગણીથી ઘણે ભાગે દેશી દવાઓ વાપરવામાં આવે છે.

શ્રી બિંદુસરોવરપર બિરાજતા આયુર્વેદ નિષ્ણાત ગુરૂવર્યશ્રી ધનેશ્વરજી માહારાજની સલાહથી દવાઓની યોજના થાય છે.

પચીસ વર્ષના લાંબા અનુભવથી આ દવાખાનું ચાલે છે.

કેટલાક રોગોપર ઇંગ્રેજી દવાઓ જરા સારી અને તાત્કાલીક ગુણીયલ ફાયદો આપતી હોવાથી અમોએ તેવી દવાઓનો વોહરા હોસ્પીટલના પ્રખ્યાત અને જુના અનુભવી બાહોશ દાક્ટરસાહેબ એહમદમીયાં એ. હકીમની પાસે લાંબા વખતના અનુભવ કરેલા ઉપાયોનો ઉપયોગ કરીએ છીએ.

માલીક,

વૈદ્ય કેશવલાલ દાદાભાઇ ભટ્ટ બોરસદવાળા.

ઠે. રાધાકૃષ્ણ મંદીર-સિદ્ધપુર.

श्री माधवराय.



श्री गोविंदराय.



हृदयाञ्जली

જેની પવિત્ર ચરણરજથી પુનીત થએલ આ સ્થળ ભારતવર્ષનાં પુણ્યક્ષેત્રોમાં અગ્રગણ્ય સ્થાન ભોગવે છે, જેના ચરણકમળને લક્ષ્મી અને સરસ્વતી સતત સેવે છે. નગરના ગ્રામ્ય દેવતા હોઈ નિજ ભક્તોને નિષ્કામ ભાવનાથી મુક્તિ અને સકામ ભાવનાથી સકળ ઐશ્વર્યની પ્રાપ્તિ કરાવો છો તે વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને લયના કારણરૂપ ષડગુણ ઐશ્વર્ય સંપન્ન મહાપ્રભુ શ્રી ગોવિંદરાય માધવરાયના પાદારવિંદમાં આ લઘુ ગ્રન્થ હૃદયની ઉંડી લાગણી અને શ્રદ્ધાભક્તિની અનેરી ભાવનાથી સમર્પણ કરી માનવ જીવનની કૃતકૃત્યતા સમજુ છું.

કાર્તિક સુદી ૧૧
૧૯૮૨

હું છું આપનો
દાસાનુદાસ
વૈદ્ય કેશવલાલ દાદાભાઈના
સાષ્ટાંગ દંડવત પ્રણામ.



રાજરત્ન મહંતશ્રી ગંગાભારથી ગુરૂરામભારથી

સાહિત્ય પ્રી. વર્કર્સ

રાજયોગી મહંત શ્રી ગંગાભારથીજી.

લક્ષ્મી અને સત્તાની જેના ઉપર પૂર્ણ કૃપા હોવા છતાં જેના હૃદયને તેના મદની અસર સ્પર્શ કરી શકી નથી. રાજવૈભવને અનુરૂપ ભોગવિલાસોની સામગ્રીની વિપુલતા હોવા છતાં આપના વૈરાગ્યશીલ મનને પ્રલોભન બાધ કરી શકયું નથી. પોતાના કાર્યમાં અનેક વ્યક્તિઓ તરફથી પ્રતિરોધ થવા છતાં વિરોધીઓ તરફ દ્વેષભાવ અગર ખળભળાટ આપના હૃદયમાં થયો નથી. જે રંક અને રાય ઉભય સ્થીતિના મનુષ્યોનું સ્વાગત કરવા હમેશાં તત્પર રહે છે. વિદ્યાવૃદ્ધિ, ધાર્મિક સંસ્થા, વ્યાયામશાળા વીગેરેમાં યથા-યોગ્ય સહાય કરવા જેનો દક્ષિણ હસ્ત સદા લંબાયલો રહે છે. અને જે સાહિત્ય, ધર્મ અને દાનમાં પ્રેમમગ્ન હોઇ તેવા કાર્યોની સેવામાં ઉત્સુક્તા ધરાવે છે, ઉપરોક્ત સઘળા ગુણોને લઇને રાજા અને પ્રજા ઉભયના માનીતા થઈ પડયા છે. અને જે નગરનું ભૂષણ રૂપ છે તેવા મહાન પુરૂષનો સર્વ પ્રજાને પરિચય થાય તેવા ઉદ્દેશથી તેમનો ફોટો અત્રે આપવા ઉચિત ધારૂં છું.

લી.

વૈદ્ય કેશવલાલ દાદાભાઇ.

श्री हरिः

॥ अथ श्री माधवरायनी आरति ॥

जय देव जय देव वन्दे गोपालम् । प्रभु वन्दे.
मृग मद तिलकित भालं करुणा कल्लोलम् जयदेव०

निर्गुण सगुणाकारं संहृत भूभारम् २
मुरहर नंदकुमारं मुनिजन सुखकारम् ॥
वृन्दावन संचारं कौस्तुभ मणिहारम् । २
करुणा पारावारं गोवर्धन धारम् ॥ जयदेव०

कंबुग्रीवा गुंजा तुलसी वनमालम् । २
श्री वच्छांकित वक्षं लंबित श्री कमलम् ॥
बाहु विभूषित वेणुं कर घृत दधि कवलम् । २
त्रिवलित शोभित जठरं जलधर वरनीलम् ॥ जयदेव०

कुंचित कुंतल रम्यं सुंदर मुख कमलम् । २
बिंबाधर मति सुंदर नासा मणि लोलम् ॥
मणिगण मंडल कुण्डल राजित श्रुतिमूलम् । २
विकचें दीवर नयनं विलसत् भ्रुयुगलम् ॥ जयदेव०

मुरली वादन शीलं सप्त स्वर गीतम । २
जलचर वनचर खेचर भूचर हृत चित्तम ॥
स्थंभित यमुना तोयं अगणित मच्चरितम । २
गोपीना मनमोहन रूपं श्रीकान्तम् ॥ जयदेव०

रासक्रीडा मंडल वेष्टित व्रज ललनम् । २
तांडव नर्तन संगीत मोहित रति मदनम् ॥
कुसुमा कर राकापति युतवन कृत शयनम् । २
कालियफणिवरदमनं पक्षीश्वर गमनम ॥ जयदेव०

किंकिणि मेखल मध्यं पीताम्बर वसनम् । २
नूपुर कोमल संचित विलसित पद नलिनम् ॥
गोगोपी परिवेष्ठित यमुना तट सदनम् । २
व्यासा भयदं सुखदं भुवन त्रय भुवनम् ॥ जयदेव०

શ્રી ગોવિંદરાયની આરતી.

જય દેવ જય દેવ, જય રાધા રમણા, પ્રભુ જય રાધા રમણા;
જય ગોપીજન વલ્લભ (૨), દુઃખ સૂકલ શમના;
જય દેવ જય દેવ. ટેક. ૧

જય જય કુંજવિહારી, જય ગોકુલરાયા, પ્રભુ જય ગોકુલરાયા;
વ્રજવિધુ રાસવિહારી (૨), નિજજન સુખ દાયા;
જય દેવ જય દેવ. ૨

જય વૃંદાવન વાસી, જય જય ગિરિધારી, પ્રભુ જય જય ગિરિધારી;
ગોપીજન મનરંજન (૨), જય મુરલી ધારી;
જય દેવ જય દેવ. ૩

જય જય દેવકી નંદન, જય મથુરાધીશા, પ્રભુ જય મથુરાધીશા;
નંદ યશોદા નંદન (૨), જય જય જગદીશા;
જય દેવ જય દેવ. ૪

જય જય કંસ નિકંદન, દાનવ કુલ દલના, પ્રભુ દાનવ કુલ દલના;
ભક્ત જન પ્રતિપાલક (૨), જય દુર્જન છલના;
જય દેવ જય દેવ. ૫

જય સુંદીર સામળિયા, પીતામ્બર ધારી, પ્રભુ પીતામ્બર ધારી;
મોર મુકુટ શિર શોભે (૨), અતિ મંગળકારી,
જય દેવ જય દેવ. ૬

કર્ણ વિષે શુભ કુંડલ, મકરાકૃતિ શોભે, પ્રભુ મકરાકૃતિ શોભે;
નાસાગ્રે મુક્તાફળ (૨) જોતા મન લોભે,
જય દેવ જય દેવ. ૭

હૃદયે કૌસ્તુભ ઝળકે, મણિ મુક્તામાળા, પ્રભુ મણિ મુક્તામાળા;
બાંહે બાજુ બિરાજે (૨), અતિશય તેજાળા;
જય દેવ જય દેવ. ૮

કટિયે કિંકિણિ રણકે, નૂપુર ચરણ વિષે, પ્રભુ નુપુર ચરણ વિષે;
મણિ બંધે મણિ ભૂષણ, મણિ બંધે મણિ કંકણ, અતિ સુંદર દીસે;
જય દેવ જય દેવ. ૯

ભાલે તિલક વિશાળ, શોભે મૃગ મદનું, પ્રભુ કેસર મૃગ મદનું;
વનમાળા પર ગુંજે (૨), ટોળું ષટ પદનું;
જય દેવ જય દેવ. ૧૦

હસિત વદન કરી ઉભા, મુજ સામુ જોઇ, પ્રભુ મુજ સામુ જોઇ;
કૃપા કટાક્ષે દુખડાં (૨), સહુ નાખ્યાં ખોઈ;
જય દેવ જય દેવ. ૧૧

એવા હરિ નિરખી, મેં લ્હાવો સર્વ લહ્યો, પ્રભુ લ્હાવો સર્વ લહ્યો;
પ્રપંચ આશા છુટી (૨), ભવ ભય ભસ્મ થયો,
જય દેવ જય દેવ. ૧૨

હવે વિનંતી એટલી, શ્રીહરિ તવ ચરણે, પ્રભુ શ્રીહરિ તવ ચરણે;
મુને નિરંતર રાખો (૨), દાસ કરી શરણે;
જય દેવ જય દેવ. ૧૩

હાથ ગૃહિ તરછોડો, તો નિજ બ્રિદ હારો, પ્રભુ તો નિજ બ્રિદ હારો;
જેવો ગણશો તેવો (૨) છું પણ ઉદ્ધારો,
જય દેવ જય દેવ. ૧૪

એવી હરિની આરતિ, જે હેતે ગાશે, પ્રભુ જે પ્રીતે ગાશે;
હરિદાસ પ્રભુ તેને (૨), પ્રેમામૃત પાશે;
જય દેવ જય દેવ. ૧૫

જય દેવ જય દેવ, જય રાધા રમણા, પ્રભુ જય રાધા રમણા;
જય ગોપીજન વલ્લભ, (૨), દુઃખ સકલ શમના;
જય દેવ જય દેવ. ૧૬

ઉપોદ્ઘાત.

પ્રજાપતિ કર્દમ અને જગન્માતા દેવહુતિનું તપોવન, સાંખ્ય યોગાચાર્ય મહામુનિ કપિલની જન્મભૂમિ અને સિદ્ધક્ષેત્ર ભારત વર્ષના પ્રાચીન અને પુણ્યમય તીર્થોમાંનું એક અને ગુર્જર રાષ્ટ્રમા અગ્રગણ્ય તીર્થક્ષેત્ર ગણાય છે. જ્યા નિત્ય પ્રતિ દૂર દૂરના પ્રદેશમાંથી અને રંક અને રાય ઉભય સ્થીતિના હિંદુયાત્રાળુઓ માતૃ ગયા શ્રાદ્ધને માટે આવે છે. અને પવિત્ર બિંદુ સરોવરપર મૃત માતાને સદ્ગતિને અર્થે દેવહુતિ અને કપિલની

સાનિધ્યમાં પીંડપ્રદાન કરી માતૃઋણમાંથી મુક્ત થઈ જીવનની કૃત્ય કૃત્યતા સમજે છે. તે સ્થાનના આદિકાલથી વર્તમાન સમય સુધીના ઇતિહાસ અને તીર્થના મહાત્મ્યને જાણવાની પ્રાચીન પ્રથાને અનુસરનાર ધર્મ-ભાવનાવાળાં મોટેરાંઓ તેમજ ધર્મમાંથી કંઈ રહસ્ય શોધવાની કુતુહલ-ભાવનાવાળા આધુનિક સમયના નવયુવકોને જીજ્ઞાસા થાય તે સ્વાભાવિક છે. આજદીન સુધી ઉભય વૃત્તિવાળા મનુષ્યોને જીજ્ઞાસાને પૂરેપૂરી રીતે સંતોષે તેવો કોઇ ગ્રંથ પ્રસિદ્ધ થયો નથી. જેથી તેવા ગ્રંથની ઉણપ જણાઇ છે. આજથી પંદરેક વર્ષપર હિંદુધર્મના સ્તંભરૂપ ગણાતા દર્ભંગા-નરેશ માતૃગયા શ્રાદ્ધને માટે અહિં આવેલા તેમણે આ તીર્થના ઇતિહાસ તથા મહાત્મ્યદર્શક કોઈ મુદ્રિત અગર હસ્તલિખિત ગ્રન્થ મેળવવાની ઇચ્છા દર્શાવી હતી, પરંતુ શોધ કરતાં તેવો કોઇ ગ્રંથ ઉપલબ્ધ થયો નહિં જેથી તેઓ અતિ ખિન્ન થયા હતા. જોકે આ ક્ષેત્રનું મહાત્મ્યદર્શક કોઈ વિસ્તૃત ગ્રંથ રચાયેલો હશે પરંતુ છપાવાના અભાવે અગર કોઇ પણ વસ્તુનું રહસ્ય અત્યંત ગુપ્ત રાખવાની ભાવનાવાળા પહેલાના વિદ્વાન બ્રાહ્મણોના વલણથી તેમના ગ્રંથોને ઉધાઈ ખાઈ ગઈ પણ તેવો રહસ્ય પૂર્ણ કોઇ ગ્રંથ પ્રસિદ્ધિમા આજ લગી આવ્યો નહી. કેટલાક સમય અગાઉ શ્રી સ્થળ પ્રકાશ નામનો એક વિસ્તૃત સંસ્કૃત ગ્રન્થ ગુજરાતી ટીકા સાથે અમદાવાદના કોઈ શાસ્ત્રી તરફથી પ્રસિદ્ધ થયો હતો. તેમા અહીંના શાસ્ત્રીઓ પાસેથી તેમણે કેટલીક હસ્તલિખિત ગ્રંથના આધારે આ ક્ષેત્રના પ્રારંભકાળથી લઈ ઇતિહાસ તથા મહાત્મ્યની સંપૂર્ણ હકીકત મેળવી પ્રગટ કરેલી છે. તેમજ ઉનાવાના રહીશ અને હાલમાં ડાકોરમાં નિવાસ કરનાર હરજીવન મહારાજે (હરદાસ માહારાજે) પણ સરસ્વતી મહાત્મ્ય નામનું એક પુસ્તક સંસ્કૃતમાં પ્રસિદ્ધ કર્યું છે. પરંતુ ઉક્ત એ ગ્રંથો પ્રાયસઃ સંસ્કૃતમાં અને અતિ વિસ્તારવાળા હોવાથી સામાન્યવર્ગને તેનો લાભ મળી શકવો મુશ્કેલ છે. તદુપરાંત અહિંના સ્વ. શાસ્ત્રી વેણી-દત્તે પણ એક ઉત્તમ ગ્રંથ લખી મુકી ગયા છે જેને પ્રકાશિત કરવા હજુ સુધી કંઇ પણ યોજના કરવામાં આવી નથી. ગુર્જરભાષામાં સિદ્ધપુર મહાત્મ્ય નામનાં બે પુસ્તકો બહાર પડેલાં છે. પરંતુ તેમાં પુરેપુરી હકીકત ન હોવાથી ભાવિક યાત્રાળુઓના હૃદયની જીજ્ઞાસા અતૃપ્તજ રહી છે. જેથી આ ક્ષેત્રના મહાત્મ્ય અને ઇતિહાસને પ્રદર્શિત કરનાર એક સરહસ્ય સંક્ષિપ્ત પુસ્તક દર્શનીય સ્થળોના ચિત્રો સાથે બહાર પાડવામાં આવે અને તેનું મુલ્ય પણ જુજ રાખવામાં આવે તો ઘણે ભાગે યાત્રાળુઓને

આ ક્ષેત્રની હકીકત જાણવાનો માર્ગ સરલ થઈ પડે, જેથી તેવું પુસ્તક પ્રગટ કરવાની મારી ઇચ્છા થઈ આવી. અને તે સંબંધી વાત મારા પુન્યપાદ ગુરૂશ્રીદામોદરદાસ (ધનેશ્વર માહારાજ)ને કરતાં તેમણે મને તે કાર્ય માટે પ્રોત્સાહિત કર્યો. અને પોતે પુરાણ ગ્રંથોમા નિષ્ણાત હોવાથી તેમજ વયોવૃદ્ધ હોવાથી આ પુસ્તક માટે પુરાણમાંની તેમજ સ્વાનુભવની કેટલીક વસ્તુસંકલના પુરી પાડવા જણાવ્યુ. જેથી પુરાણના કેટલાક ગ્રંથોની સપ્રમાણ હકીકત પરથી તેમજ અન્ય સંસ્કૃત પુસ્તકોનો આશય લઇ તથા કેટલાક વૃદ્ધજનોની કર્ણોપકર્ણ સાંભળેલી હકીકતને કલ્પનાથી સંકલિક કરી આ પુસ્તકની રચના કરવામાં આવેલ છે. તેમાં સૃષ્ટિના સર્જનકાળથી આધુનિક સમય સુધીનો આ ક્ષેત્રનો ઇતિહાસ સંક્ષિપ્તમાં દર્શાવવાનો પ્રયાસ કરવામા આવેલ છે. જો કે પુસ્તકનું કદ વધી જાય અને તેને લીધે મૂલ્યમા વધારો થાય તેના ભયથી દરેકનું યથાસ્થિત સ્ફોટન થઇ શક્યું નથી. પરંતુ જુજ કિંમતમા વાંચકના મનને કંઇક સંતોષકારક બીના મળી આવશે એવી પ્રતીતીથી મારા પ્રયાસની સાફલ્યતા સમજુ છુ. આશા છે કે સુજ્ઞ વાચકો **पत्रं पुष्पं फलं तोयं** એ કથન અનુસાર મારી અલ્પ સ્વલ્પ સેવાનો સ્વીકાર કરશે.

આ કાર્યમા મારી પીઠ થાબડી મને પ્રોત્સાહન તથા કેટલીક પ્રમાણભૂત હકિકત આપનાર મારા પરમપૂજ્ય શ્રીમદ ગુરૂ શ્રી ધનેશ્વરજી માહારાજનો હું અહી મારા હૃદયથી પૂર્ણ ઉપકાર માનું છુ.

તેમજ અત્રેના રહીશ તે હાલમા સિદ્ધપુર હાઇસ્કુલના શિક્ષક. શ્રીયુત પુંજીરામ જેઠાલાલ પંડિતે સઘળા પ્રમાણોને સંયોજીત કરી પોતાના શુભ વિચારો વડે દરેક વિષયમા રસ સિચન કરી, હૃદય સ્પર્શી ભાવનાયુક્ત સરળ અને ભભકભરી ભાષામા આ પુસ્તક લખી આપવાની જે અનુકમ્પા દર્શાવી છે તે માટે તેમનો સપ્રેમ આભાર પ્રદર્શિત કરવામા આવે છે.

આ ગ્રંથની કીમત વધુ થઈ જવાથી દરેક યાત્રાળુઓ ગ્રંથ ખરીદી ન શકે તેથી તેની જુજ કીમત રાખવા માટે અત્રેના રાજભારથીના વિદ્યમાન મહંત શ્રી ગંગાભારથીજીએ આર્થિક સહાય આપવાનું માન્ય કર્યું. તે માટે તેઓશ્રીનો અત્રે આભાર દર્શાવવાનું ઉચિત ધારૂં છું. **इति शिवम्**

પ્રયોજક તથા પ્રકાશક,

વૈદ્ય કેશવલાલ દાદાભાઇ ભટ્ટ.

श्री हरि

પ્રાચિન સિદ્ધક્ષેત્ર.

अभितश्च सरस्वत्याः श्रीस्थलेऽति मनोरमे ॥
त्रटेयुपांकिता भाति, हर्षाद्रोमांचितेव भूः ॥

(સરસ્વતિના તટપર આવેલુ અત્યંત મનોહર શ્રી સ્થળ (સિદ્ધપુર) તેના ઉભય કિનારાપર ઋષિઓએ જે યજ્ઞસ્થંભો સ્થાપન કરેલા છે તેથી જેમ હર્ષથી પૃથ્વિના રૂવાડા ઉભા થયા હોય તેવા તે શોભી રહ્યા છે.)

પાપમોચની પુણ્ય સલિલા સરસ્વતિનો રમ્ય પ્રદેશ, મહર્ષિ કર્દમનું તપોવન, જગન્માતા દેવહુતિનું મુક્તિ સ્થાન, સાખ્ય યોગાચાર્ય કપિલની જન્મભૂમિ, વિશ્વોત્પત્તિનું પ્રારંભ સ્થળ, આર્ય સંસ્કૃતિનું આદિસ્થાન, ઋષિ મુનિ અને સિદ્ધગણની કર્મભૂમિ, સૃષ્ટિના સર્જનકાળનું સ્મરણ ચિન્હ, વેદની ઋચા અને પુરાણ ગાથાઓમા પ્રસિદ્ધ સત્ય અને સૌન્દર્ય, સારપ અને શાન્તિ, આનંદ અને અગમ્યતાનું રસં-નિધાન, સિદ્ધક્ષેત્ર પૂર્વ કાળમા તરૂ અને તરૂલતાઓથી ગહન અને નિર્ભેદ્ય ઝાડી વાળું મહાન અરણ્ય હતું. જ્યા પશુ પક્ષીઓ નિર્ભયપણે વિહાર કરતા, તપ તપતા ઋષિમુનિઓની સાદી અને સુઘડ પર્ણકુટીઓ નજરે આવતી; બ્રહ્મતનયા કુમારિકાના મંદમંદ વહનથી થતો મંજુલ નાદ સનાતન બ્રહ્મનું સંગિત સંભળાવતો નિરભ્ર યુગની શાન્તિ વર્ષા અહિ વર્ષી રહેતી.-જગતને જડ પાટલે પ્રભુમયતાના પુણ્ય પ્રવેશ લલકારી રહેતા. અઘોરઘોર શંકાને મૃત્યુના વાઘા સજી ઉભેલ અનાસ્થાના વાદળદળ સમૂળા વીખરાઇ રહેતાં. પૃથ્વીપર અસુખ કે અનિત્યતા નહોતી. અહિં જરા, માદગી કે મરણ નહોતાં. અન્ય ગૃહો જેવી પૃથ્વી પણ દેવો અને દેવીઓની સુખકુંજ બનેલ છે, તેમની માફકજ પરમાત્મા ભક્તિના પવિત્ર ઉચ્છવાસનાના વાતાવરણ ઝીલી રહેલ છે એમ ભાસતું. અત્રે વસતા પ્રશાન્ત તપસ્વીઓના હૃદયમાં નહોતી વિકાર વાસના, નહોતો જીવનનો મોહ અગર સુખની લોલુપતા, તેઓ જાણતા કે શાશ્વત સુખ દેહ અને મન બંનેથી પર છે, કલ્પનાની સૃષ્ટિ જેટલી સુંદર છે તેટલીજ આચારની ભયંકરતા છે. આચારમા લાગતી બધી મોહકતા ઉડી જઈ કઠોરતાજ રહે છે. જગતના પ્રત્યેક વ્યવહારમાં તેઓ એ સૂત્ર યાદ રાખતા કે જન્મ અને જીવન આત્માના વિકાશ માટે, તેનું પૂર્ણત્વ

પામવા માટે, મોક્ષ મેળવવાના સાધન રૂપ છે. જીવન એ આત્માની જ્યોત છે તેને વેડફી ન દેતાં, તેના વડે જ્ઞાન પામી, સારાસારને ઓળખી, વધારે પ્રકાશિત કરી સત્યમાર્ગે પ્રયાણ કરવું; તે માર્ગ અનંત લાગતા પાછા ન વળવું. અનંતમાથીજ અનંત મળે છે. આત્મ શ્રદ્ધાળુ થઇ, સુખ કર્મમાં આશક્તિ રહિત થવું અને જ્ઞાન મેળવી મન સંન્યાસ લેવો. શાશ્વત સુખ તેમાંથીજ જડે છે. **नायं आत्मा बलहीनेन लभ्यः** એ એમના જીવનનો મહામંત્ર હતો. આ સ્થાનમા દેવ ભોમનાં દેવ જીવન, રસિકાઓની રસવિશુદ્ધિ, જીવનના ઉલ્લાસ અને આનંદ. કલાધરોના કલાવિધાનની પવિત્રતા, ધર્મના વિધિ વિધાન; સરસ્વતી ઉપાસના, ઉદારતાની ભવ્યતા, બલીદાનનું વીરત્વ, કુલહિત, દેશહિત, લોકહિત સેવાના ગહનગેરા રાજમાર્ગ. દેવનાં દેવત્વના મૂળતત્વો નયણે નીરખાતા અને આયુષ્યમા ઉતરતા.

શ્રી સ્થળ નગરોત્પત્તિ.

श्रीमद्गुर्ज्जर क्षितितलालंकार भूतेपुरं ।
स्वच्छे श्री स्थलसंज्ञकेद्रुहिण जातीरोद्भवेऽघापहे ॥
विप्रा वेद विदोथ शास्त्र निपुणाःस्वाचारवंतोऽवतं ।
स्तेभ्यः श्रीसहितोहरिः प्रतिदिनं प्रादान्मनो वांछितं ॥

પૃથ્વિના અલંકારરૂપ શોભાયમાન એવો જે ગુજરાત પ્રાંત છે તેમા સરસ્વતિના ત્રટ ઉપર શ્રીસ્થળ (સિદ્ધપુર) નામનું પાપ નાશ કરનારૂ નગર છે, તેમા વેદશાસ્ત્રના જાણનાર અને પોતાનો આચાર પાળનારા જે પવિત્ર બ્રાહ્મણો રહેલા છે તેમની ઇચ્છા શ્રીહરિ નિરંતર પૂર્ણ કરે.

સતયુગના તપોરણ્ય આ સિદ્ધક્ષેત્રમા ભગવાન માધવે શ્રી (લક્ષ્મી) સહિત આ સ્થળમાં વાસ કર્યો અને તેમની ઇચ્છાથી વિશ્વકર્માએ એક રમ્ય નગરની રચના કરી, અને તેના નામથી શ્રી સ્થળ એ નામે પ્રસિદ્ધ થયું તેની પુરાણ કથા એવી છે કે —

ત્રેતાયુગમા મહાન ક્રોધી દુર્વાસા મુનિના શ્રાપથી વિષ્ણુ પત્નિ લક્ષ્મીએ ત્રિલોકનો ત્યાગ કરી રત્નાગર ઉદરમાં વાસ કર્યો. આથી લક્ષ્મીહીન થએલ જગત પ્રભા, કીર્તિ કાન્તિ, ઐશ્વર્ય અને ઉત્સાહથી રહિત થયું જગતમા યજ્ઞક્રિયા અને બલિદાનનો લોપ થયો અને પ્રાણીઓ તથા દેવતાઓને અતિશય ત્રાસ થવા લાગ્યા; તેથી સર્વ દેવો બ્રહ્મદેવ સહિત વૈકુંઠાધિપતિ વિષ્ણુની પાસે ગયા અને પોતાનું કષ્ટ નિવેદન કર્યું; તથા પોતાના સુખ અને શાન્તિના આધારભુત શ્રીદેવીને ત્રિલોકમા પાછાં લાવવા પ્રભુને

પ્રાર્થના કરી. તેમની પ્રાર્થનાને સાંભળીને શ્રીહરિએ તેમને સમુદ્ર મંથન કરવાની આજ્ઞા આપી. તે કાર્યમાં અસુરોને અમૃતના પ્રલોભનથી સહગામી બનાવવામાં આવ્યા, અને સમુદ્રમંથનનું કાર્ય શરૂ કર્યું. મંદરાચળનો મંથન દંડ અને વાસુકીને રજ્જુ તરિકે ઉપયોગ કર્યો. શ્રીહરિએ પોતે દેવ કાર્ય-હિતાર્થે કુર્માવતાર ધારણ કરી મન્થન દંડને પોતાની પીઠપર ધારણ કર્યો. સુર અસુરો ઉભય મળી સમુદ્રમંથન કરવા લાગ્યા. સમુદ્રમંથન કરતાં તેમાંથી ચૌદ રત્નો ઉત્પન્ન થયા જે જુદા જુદા દેવોએ ગ્રહણ કર્યા, મદિરા ઉત્પન્ન થઈ તે અસુર પતિ બલીએ ગ્રહણ કરી. પછી કૃતાન્ત કાળરૂપ હળાહળ વિષ નીકળ્યુ તેને પરમ યોગેશ્વર મહાદેવે જગતના હિતને માટે કંઠમા ધારણ કર્યુ અને જરા, મરણને દૂર કરનાર અમૃત પ્રાપ્ત થયું તેથી સર્વ દેવ અને દાનવો અત્યંત હર્ષ પામ્યા. તે અમૃત પાત્રને લઇ અસુરો નાઠા. તામસી પ્રકૃતીરૂપ દાનવો તેનું પાન કરી અમરત્વ પ્રાપ્ત કરતાં જગ-તને પીડાકારી થઇ પડશે એમ વિચાર કરી, મધુસુદને મોહનીરૂપ ધારણ કરી અસુરોને મધુર વાણી તથા ભૃકુટી વિલાસથી મોહિત કરી તેમની પાસેથી અમૃત પાત્ર લઇ લીધું અને પોતાના ભક્ત એવા દેવોને તેનું પાન કરાવી અજરામર બનાવ્યા. રત્નો સાથે રત્નાગરમાંથી સ્વપ્રભાવડે દશદિશાઓને પ્રકાશિત કરતા ત્રીભુવન સુંદરી મહાદેવી શ્રી લક્ષ્મીજી ઉત્પન્ન થયાં. તેમણે સર્વ દેવ અને ઋષિગણમાંથી સંપુર્ણ લક્ષણ અને ઐશ્વર્ય યુકત ભગવાન અચ્યુતને પતિ તરીકે પસંદ કર્યા. આથી રત્નાગરે પ્રત્યક્ષ મુર્તિમાન થઇ પ્રભુની સ્તુતિ કરી કે આપની અર્ધાગના લક્ષ્મીએ ઋષિના શ્રાપથી મારા ઉદરમા વાસ કર્યો હતો અને તે તેમાથી ઉત્પન્ન થયાં માટે મારી પુત્રીરૂપ થયા તો આપ તેનો પત્નિ તરીકે સ્વીકાર કરી આપની સહગામી બનાવો. ભગવાન કેશવે તે માગણીનો સહર્ષ સ્વીકાર કરી સઘળા દેવ અને ઋષિ-ઓની સાનિધ્યમા બ્રાહ્મવિધિથી લક્ષ્મી દેવીનું પાણી ગ્રહણ કર્યું. આથી સમસ્ત જગતને અત્યંત હર્ષ થયો. આકાશમાંથી પુષ્પ વૃષ્ટી થઇ અને દુંદુભીના નાદ થયા, તથા સૌગંધિક વાયુ સર્વત્ર વાવા લાગ્યો. સમુદ્ર તીરેથી દેવ અને ઋષિગણોથી વીંટાયલા ભગવાન માધવ (મા=લક્ષ્મી અને ધવ=ધણી) શ્રી સહિત પૃથ્વિતળ પર વિચરતા પરમપવિત્ર એવા પ્રાચીન સરસ્વ-તિના કિનારાપર આવેલા સિદ્ધક્ષેત્રમા આવી પહોચ્યા. તે વખતે લક્ષ્મી-નારાયણની સાથે

आदित्य वसवोरुद्रा सिद्धाःसाध्या मरुद्गणाः
गंधर्वाः किन्नरा यक्षा स्तथाचाप्सरसा गणाः

ब्रह्मा ब्रह्मर्षयः सर्वे स्तुवन्तो गरुडध्वजः
व्योमां गणमतिक्रम्य सिद्धक्षेत्रं समाययुः

બાર આદિત્ય, ૮ વસુ, ૧૧ રૂદ્ર, સિદ્ધલોક, સાધ્યલોક, દેવના ગણો, ગંધર્વો, કિન્નરો, યક્ષો, અપ્સરાઓ, બ્રહ્મા અને બ્રહ્મર્ષઓ પરમાત્માની સ્તુતિ કરતા વ્યોમ માર્ગથી સિદ્ધક્ષેત્રમા આવ્યા. ભગવાન રમાપતિએ સૃષ્ટિસૌંદર્યમાં ભરપુર અને પવિત્ર વાતાવરણ વાળા આ રમણિક સ્થાનમા નિવાસ કરવાની ઇચ્છા બતાવી. તેથી સઘળા દેવનાઓએ આ સ્થાનનું મહાત્મ્ય પુછતાં શ્રીહરિએ તેમને કહ્યું કે 'આ ભૂતળને વિષે અયોધ્યા વીગેરે સાત નગરીઓ, ત્રણ ગ્રામ અને નવ અરણ્ય છે તેમા મુક્તિના દ્વાર ચૌદ ગુપ્ત છે. વળી સર્વ કામનાને પરિપૂર્ણ કરનાર સારસ્વત નામનું પ્રાચીન તીર્થ ઋષિઓએ કહેલું છે જે ગુપ્ત છે તે સારસ્વત તીર્થમા સ્નાન કરવાથી જીવનું મહાપાતક નાશ પામે છે. વળી આ સ્થળમાં મારી (માધવી) માધવ નામની અગોચર મૂર્તિ છે તેથી આ સ્થળ મને અતિ પ્રિય છે. મારી માધવી નામની બીજી મૂર્તિ પ્રયાગમાં છે તે વેણી માધવ નામથી પ્રસિદ્ધ છે પણ આ સિદ્ધ ક્ષેત્રની મૂર્તિ અપ્રસિદ્ધ છે. મારી મૂર્તિ આગળ બ્રહ્મ તનયા પ્રાચી સરસ્વતી વહન કરી રહેલ છે તેથી તે મૂર્તિ પ્રાચી માધવ નામથી જગતમા પ્રસિદ્ધ થશે. હે દેવો–તમોને વિશેષ શું કહું આ ક્ષેત્રનો મહિમા એટલો શ્રેષ્ટ છે કે મહાપાતકી મનુષ્ય પણ આ સ્થળમા આવી સરસ્વતિમા સ્નાન કરી પ્રાણ ત્યાગ કરે તો તે મોક્ષ પામે છે. આ સ્થાનનું માહાત્મ્ય સાભળી બ્રહ્મા, ઇંદ્ર, મહેશ, અને સર્વ દેવતાઓએ પણ આ પવિત્ર સ્થળમા નિવાસ કરવાનો નિશ્ચય કર્યો. તે સમયે સાગર તનયા કમળાદેવી મધુર વાણીવડે શ્રીહરિની સ્તુતી કરવા લાગ્યા કેઃ–હે દેવના દેવ, અનંત સ્વરૂપી, વેદ જેનું અહરનિશ ગાન કરી રહ્યા છે એવા, નિજ ભક્તોને સિદ્ધિ આપનાર, સર્વ વ્યાપી, જગતની ઉત્પત્તિ, સ્થીતિ, અને લયના કારણ રૂપ, માયાથી પર હે ભગવંત હું આપને નમસ્કાર કરૂંછું આપ પ્રસન્ન થાઓ. લક્ષ્મીદેવીની આ પ્રમાણેની નમ્ર વાણીથી પ્રસન્ન થયેલ ભગવાન માધવ બોલ્યા હે દેવી તારા હૃદયમાં હું વાસ કરી રહેલો છું અને તુ મારા હૃદયમાં વશી રહેલી છે. હું પુરૂષ છું તુ પ્રકૃતિ છે. કલ્યાણકારી શીવ તે મારૂ રૂપ છે, અને અભિષ્ટ ફળદાતા પાર્વતિ તે તારૂં રૂપ છે. બીજ તથા ફળનો સ્વામિ હું છું ક્ષેત્ર તું છે. સર્વ દુઃખથી મુક્ત કરનાર હું છું અને પરમ ગતિરૂપ તું

છે. આ સંસારનો કર્ત્તા હું છું અને સૃષ્ટિરૂપ તુ છે. આ જગત તારા અને મારા વડે ઓતપ્રોત વસ્ત્રમાં તંતુની પેઠે વ્યાપ્ત છે. હે સુમુખી તું મને પ્રાણથી પણ અત્યંત પ્રિય છે, માટે તારી જે ઇચ્છા હોય તે મારી પાસેથી માગી લે. હું તારા ઉપર ઘણો પ્રસન્ન છું હુ જરૂર તારી મનોવાંછના પૂર્ણ કરીશ. આ પ્રમાણે શ્રીહરિનાં વચનો સાંભળી લક્ષ્મીએ કહ્યું કે હે પ્રાણેશ જો આપ મને વરદાન આપવા ઇચ્છના હોવ તો મારી એટલીજ પ્રાર્થના છે કે આ સ્થળમાં હુ આપની સાથે સદાને માટે નિવાસ કરવાની ઇચ્છા રાખું છું. જેથી આ સ્થાન સર્વ પ્રકારની સમૃદ્ધિથી મુક્ત થાઓ, અહિઆં જુદી જુદી જાતના મધુર ફળવાળા તથા ઉત્તમ પ્રકારની સુગંધિયુક્ત પુષ્પોવાળા વૃક્ષો થાઓ તથા સઘળા પશુ, પક્ષિઓ અહિઆ આનંદથી વિહાર કરે એવા વરદાન માટે મારી માગણી છે આ સાંભળી અચ્યુત ભગવાન બોલ્યા.

હે દેવી ! આ સિદ્ધક્ષેત્ર તેં માગેલ સર્વ વસ્તુથી પરિપૂર્ણ થશે અને આ ક્ષેત્ર તારા નામથી શ્રીસ્થળ એ નામે ભૂતળમા પ્રસિદ્ધ થશે. હે લક્ષ્મી આ સ્થાનથી અન્ય સ્થાને હુ ન જતા સદા તારી સાથે અહિં વાસ કરી અત્રે રહેતા સર્વે પ્રાણી માત્રનું કલ્યાણ કરીશ. વૈકુંઠમા પણ ત્હારા વિના હું એક ક્ષણ રહેવાનો નથી.

આ પ્રમાણે જયારે પ્રભુએ શ્રીસહિત આ સ્થાનમા વાસ કર્યો ત્યારે સમસ્ત બ્રહ્માંડમા સર્વને અત્યંત હર્ષ થયો. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી, તથા ગંધર્વો અવ્યક્ત મધુર ગાન કરવા લાગ્યા અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. કેટલાક સમય પછી મહાદેવી કમળાની પ્રાર્થનાથી ભગવાન માધવે શિલ્પશાસ્ત્રના અધિષ્ટાતા વિશ્વકર્માને બોલાવી કલા અને સૌંદર્યના ધામરૂપ એક મનોહર નગરની રચના આ સ્થળમા કરવા જણાવ્યુ. જેથી પ્રભુની ઇચ્છાનુંસાર વિશ્વકર્માએ વિશ્વના અલંકારરૂપ એક અદભુત નગર બનાવ્યું. તેમાં વૈડુર્યમણિથી સુસોભિત ભવ્ય પ્રાસાદો, નિશાનાથના કિરણોની સ્પર્ધા કરતી સ્ફાટિક મણિની રમ્ય હર્મ્યો, સુવર્ણ રસથી રસેલા અને હીરા, માણેક જડિત ભુવનો, ઇન્દ્રના નંદનવન સદૃશ ઉદ્યાનો તથા વિશાળ ચોક અને ક્રય વિક્રયનાં સ્થાનો આવી રહેલાં હતા. આ સ્થાનમા શ્રી સહિત માધવ, પોતાના ગણ સહિત ત્રિપુરારિશંકર તથા ઇન્દ્રાદિક સર્વ દેવતાઓ અને દિગ્પાલોએ તેમજ પુણ્યવાન આત્માઓ, તથા પ્રભુના ચરણમાં ચિત્તને આરોપણ કરેલ ભક્તજનોએ વાસ કર્યો. આ નગરને માટે પુરાણમાં નિમ્ન લખીત માહાત્મ્ય વર્ણવેલું છે.

श्रीस्थलाख्यं महातीर्थं श्रोत्राणा मुत्तम स्मृतम् ।
रहस्य सर्व पापघ्नं देवाना मपि दुर्लभम् ॥

શ્રી સ્થળ નામનું મોટું તીર્થ સર્વ તીર્થોમા શ્રેષ્ઠ, રહસ્ય, પાપને નાશ કરનાર છે અને તે દેવોને પણ દુર્લભ છે.

यागति विंहिता पुंसां सदा श्रीस्थल वासिनाम् ।
न सागतिः कुरुक्षेत्रे, गंगाद्वारे न पुष्करे ॥

શ્રી સ્થળમાં રહેનારા લોકોની જે ગતિ થાય છે તેવી ગતિ કુરૂક્ષેત્ર, ગંગાદ્વાર કે પુષ્કરજીમાં રહેનારા લોકોની થતી નથી.

ते धन्यास्ते च मुक्तास्ते ते च पुण्या तपस्विनः
ये च सारस्वतं तोयं पिबंत्य हरहः शुचि ॥

જે મનુષ્યો સરસ્વતિનું પવિત્ર જળ નિત્ય પાન કરે છે તે મુક્તિ પામનારા છે, તેમને ધન્ય છે અને તેજ પવિત્ર તથા મોટા તપસ્વીઓ છે.

अनेक जन्म संघेषु जंतुभिर्यदघं कृतम् ।
तत्सर्वं नाश मायाति श्री परमेश्वर पूजनात् ॥

અનેક જન્મનું જે પાપ હોય તે સર્વ શ્રી માધવ પ્રભુના પુજન તથા દર્શનથી નાશ પામે છે.

આ સ્થળમા વાસ કરવાથી પ્રાચી સરસ્વતિમા સ્નાન કરવાથી તથા માધવ ભગવાનના પૂજનથી અનેક મનુષ્યો તથા પ્રાણીઓનો ઉદ્ધાર થયેલો છે.

भ्रातृ शोणि तपान्नाच महत्पापी वृकोदर ।
कृष्णे न प्रेशितो भीम यत्रबिंद सरस्वति ॥

પૂર્વે મહાભારતના યુદ્ધને વિષે પોતાની પ્રતિજ્ઞાના પૂર્ણ કરવાને અર્થે મહા પરાક્રમી ભીમસેને પોતાના બંધુ સો કૌરવોનો નાશ કરી તથા દુશ્શાસનના રક્તનું પાન કરી અઘોર પિશાચિક કર્મ કર્યું જેથી ધર્માવતાર યુધિષ્ટિરે તેનો ત્યાગ કર્યો. આથી સર્વજ્ઞ યોગેશ્વર શ્રી કૃષ્ણચંદ્રે તેના પ્રાયશ્ચિત અર્થે તેને પ્રાચી સરસ્વતિના કિનારાપર આવેલા શ્રી સ્થળમાં જવાની આજ્ઞા કરી તેથી ભીમે આ સ્થળમા આવી સરસ્વતિના પવિત્ર જળમાં સ્નાન કરી તથા ઉપવાસ આદિ અનેક વ્રતો કરી અને પરમભક્તિ વડે માધવ ભગવાનનું પૂજન અર્ચન કરી પોતાના અઘોર પાપનું નિવારણ કર્યું.

अन्यत्र चार्जितं पापं क्षेत्रेह्यस्मि न्विनश्यति ।
पुनरस्मिन्कृतं पापं वज्र लेपो भविष्यति ॥

અન્ય ઠેકાણે કરેલું પાપ આ ક્ષેત્રમા નાશ પામે છે પણ આ તીર્થ-ક્ષેત્રમાં કરેલું પાપ વજ્ર લેપ થાય છે.

સરસ્વતિ મહાત્મ્ય.

આર્યાવૃતની પુણ્ય વાહિની સરિતાઓમા અગ્રસ્થાન ભોગવતી સરસ્વતિ જગવિખ્યાત છે. વેદ અને પુરાણના પાનાઓ તેની ઉત્પત્તિ અને મહાત્મ્યથી ભરપુર છે. બ્રહ્મ સદનમાંથી તેનું ભૂલોકમાં અવતરણ પતિતોના ઉદ્ધારને માટે છે. તેનું દર્શન અને સ્નાન પાપપુંજથી મુક્ત કરનાર સાધન રૂપ છે. બાલ્ય સ્વભાવને અનુરૂપ ક્ષણે ક્ષણે બદલાતું તેનું વહન અને તેના જળ કલ્લોલનો મધુરો નાદ, મસ્તીમા ખેલતી નુપુર ધારી નિર્દોષ બાલિકાનો તાદ્રશ્ય ચિતાર દ્રષ્ટિ સમીપ ખડો કરી તેના કુમારિકા નામની સાર્થકતા કરે છે.

॥ क्षणे क्षणे यन्नवता मुपैति तदेवरुपं रमणियता ॥

શાન્ત સરસ્વતિના જળ પ્રાતઃકાળની ઠંડી પવન લહેરીને આલંગી મદ ભર્યુ નાચતા, ભાવિક લોકોની આડંબરભરી પ્રાર્થના કિનારા પરના દેવ મંદિરોમાં થતા વેદોચ્ચાર તથા ઘંટાનાદો દ્રષ્ટિને સૌંદર્યથી આંજી નાખી આત્માને અપૂર્વ શાન્તિ અર્પે છે. વર્ત્તમાન સમયમાં ભૃગોળની દ્રષ્ટિએ તેના મૂળ અને મુખનો વિચાર કરતાં અંબાજી પર્વતમાંથી નીકળી (કોટેશ્વર પાસેથી) સિદ્ધપુર અને પાટણના સીમાડામાં વહન કરતી કચ્છના રેતાળ રણમાં વિલિન થાય છે. પણ પુરાણ ગાથા તેની ઉત્પત્તિ સંબંધી કંઇ જુદોજ દ્રશ્ય આપે છે. (ब्रह्मवैवर्त पुराणे प्रकृति खंडे. अ. ६.)

नारद उवाच (ब्रह्मवैवर्त पुराणे पृकृति खंडे. अ. ६)
कथं सरस्वति देवी गंगा शापेन भारते ॥
कलया कलहे नैव बभूव पुण्यदा सरित् ॥

પૂર્વ સરસ્વતિદેવી જનસમુહના કલ્યાણાર્થે પૃથ્વિના વિષે શ્રી ગંગાજીના શ્રાપથકી ઉત્પન્ન થઇ વહેવા લાગ્યાં. નારદજી પરમાત્માને પુછે છે કે હે પ્રભો ! પ્રથમ સરસ્વતિ દેવી ગંગાજીના શ્રાપથી કેવા કારણને લીધે ઉત્પન્ન થયાં તે કૃપા કરી કહો.

नारायण उवाच :–

लक्ष्मी सरस्वती गंगा तिस्त्रो भार्य्या हरे रपि ॥

प्रेम्णा समास्तास्तिष्ठन्ति सततं हरि सन्निधौ ॥

ત્યારે પરમાત્મા કહેવા લાગ્યા કે હે નારદ ! સરસ્વતી, લક્ષ્મી અને ગંગા એ મારી અર્ધાગનાઓ હોવાથી ઘણા ઘણા પ્રેમ સાથે મારા સન્મુખ હમેશા રહેલી હતી એક વખતે

विश्नुर्जहास तद्वक्रं निरीक्ष्यं च क्षणंमुदा ॥

क्षमां चकारतद् दृष्टा लक्ष्मीर्नैव सरस्वती ॥

ગંગાજી મારી સાથે હાસ્ય કરવા લાગ્યા તે જોઇને લક્ષ્મી તથા સરસ્વતીને ઇર્ષા થઈ તે જોઇ મારા મનમા લક્ષ્મી ને સરસ્વતીને અહીંથી દૂર કરવ એવો વિચાર થયો.

इत्येव मुक्ता सादेवी वाण्यैशापं ददाविति ॥

सरित्स्वरूपा भवतु मायान्वां च शशापह ॥

હું કે જે વિષ્ણુનો વિચાર ગંગાજીએ જાણીને કહ્યું કે તમો બંને જણ જળરૂપ થઇ જાવ એ શ્રાપ આપ્યો.

भारतायातु कलया सरित्रूपाचभारतम

अर्धांशा ब्रह्म सदनं स्वयं तिष्ठंतु मद्गृहे ॥

ને તેજ પ્રમાણે મારી પણ ઇચ્છા ભારતભૂમીના વિષે મોકલવા થવાથી તેમણે ભારતભૂમીના વિષે જળરૂપ થઇ નદીની માફક વહન કરવા કહ્યું.

(ब्रह्म वैवर्त पुराणे सृष्टि खंडे अ. ६.)

तीर्थानां प्रवरं तीर्थं पृथिव्यां मिहमन्यते ।

नास्मात् परंपुण्य तीर्थं लोकेषु नृप पठयते ॥

હે નારદ ! પૃથ્વિના વિષે અનેક તીર્થો છે તેમાં આ કરતાં બીજું એકે શ્રેષ્ઠ હોવાનું જણાતુ નથી.

वंशस्तं वात मु त्रिपुला प्रवृत्ता चोत्तरा मुखी ॥

गत्वाततो नाति दूरात् पुन्ययाति परान्मुखी ॥

ततःप्रभाति सा देवी प्रसन्ना प्रकटास्थिता ॥

સરસ્વતિ પ્રથમ પ્રગટ થઇ ઉત્તર બાજુ ચાલી. કેટલાક દુર ગયાબાદ પૂર્વમુખે પોતાનું સ્વરૂપ બતાવ્યું.

अन्तर्ध्यानं परित्यज्य प्राणिनामनु कम्पया ॥
कनका सु प्रभाचैव नन्दा प्राची सरस्वति ॥

અને પોતે અંતરધ્યાન હતા તે પ્રાણીઓ ઉપર દયા કરવાના હેતુથી પોતાના સોના સરખા પ્રભાવવાળાં સરસ્વતિ વહેવા લાગ્યાં.

पांचनद्यः सरस्वती मपिवन्ति सस्रोतस ॥
सरस्वतितु पञ्चधा सोदेशेऽभ वत्सरित् ॥
यजुर्वेद संहिता अ० ३४.

પ્રથમ સરસ્વતી પાચ રૂપે પ્રગટ થયા, અને તે પાચ દેશના વિષે વહેવા લાગ્યાં.

रुद्रावर्ते कुरुक्षेत्रे पुष्करे श्रीस्थले स्तथा ॥
प्रभासे पंचमे तीर्थे पंच प्राची स्मराम्यहम् ॥ भारते

તેઓનુ એક સ્વરૂપ રૂદ્રાવર્તમા બીજુ કુરૂક્ષેત્રમાં ત્રીજુ પુશ્કર ક્ષેત્રમા તથા ચોથુ સિદ્ધક્ષેત્રમા ને પાચમુ પ્રભાસમાં છે. આ રીતે પ્રાચી સરસ્વતી રૂપે તેમણે દર્શન આપ્યા.

सरस्वति महापूण्या हृदि तिर्थानि शालिनी ॥
संसेविता मुनिभिः सिद्धश्चापि समंततः॥
महाभारते वनपर्व अ. ९

હે નારદ આ સરસ્વતી યશ અને પુન્યકારક છે કારણ તેના હૃદયના વિષે ઘણાં તીર્થો રહેલા છે. અને સિદ્ધ મુનીઓએ જેની સેવા કરેલી છે.

प्राची सरस्वतीयत्र नरोकिं मृग्यते परम् ॥
तस्यां स्नानात्फलं तृप्त्यै तपो यज्ञादि लक्षणम् ॥
पद्मपुराणे.

સરસ્વતિના કિનારે જે સજ્જનો રહી સ્નાન કરે છે તેમને બીજા તીર્થો ખોળવાની જરૂર નથી. કારણ (સરસ્વતિ) તપ, યજ્ઞ વિગેરેની વૃદ્ધિ કરવા વાળાં છે.

मंदाकीनि मुदि ष्यंति स्थितायत्न सरस्वति ॥
तथा काम फलस्येयं हेतु भूतामहा नदी ॥ पद्मपुराणे ॥

ગંગાજી પણ જેની ઇચ્છા કરે છે એવા સરસ્વતી દરેકના મનોરથને જાણવા વાળી એવી મહાન સરસ્વતી.

तपस्वीनां तपोरुपा जलस्याकार रुपिणी ।
कृतपापेध्मदाहु य ज्वलदग्नि स्वरुपिणी ॥

ब्रह्मवैवर्त.

તપસ્વીને તપરૂપમાં છે ને પાપીયોના પાપોને અગ્નિની માફક બાળવા વાળી છે તે જળરૂપે વહન કરે છે.

ज्ञाने सरस्वती तोये मृनं येमानव भुवि ॥
स्तेषां स्थिति च वैकुंठे सुचिरं हरि संसदि ॥

હે નારદ ! સરસ્વતી જળથી પૃથ્વીના મનુષ્યો જ્ઞાન પ્રાપ્ત કરીને તેઓ હરિ સન્મુખ રહે છે.

भारते कृत पापिच स्नात्वा तत्रा प्रलिलया ॥
मुच्यते सर्व पापेभ्यो विष्णुलोके वसेत् चिरम् ॥

ઘણાં પાપો કરી કોઇ માણસ ભાવે અભાવે સ્નાન કરે છે તો પણ તેના સર્વ પાપનો ક્ષય થઈ તે વિષ્ણુલોકમા જાય છે.

आनुष्वङ्गेणय स्नाति हेलयाश्च ययापिका
सारुप्य लभते नूनं वैकुंठे सहरेरपि ॥

વળી કોઇ માણસ સરસ્વતિમા તિરસ્કારથી અગર શ્રદ્ધાથી સ્નાન કરે તો તે બંન્ને પરમાત્માના રૂપને અવસ્ય પામે છે ને વૈકુંઠમા વાસ કરે છે.

सरस्वती मंत्रकश्च मासमेकं तुयो जपेत ।
महामूर्खः कविन्दश्च संभवेतन्नात्र संशय ॥

જો કોઇ માણસ સરસ્વતીનો મંત્ર એક માસ સુધી જપે તો તે પોતે મહા મુર્ખ હોય તો પણ મહા જ્ઞાનિ થાય છે, એમાં કાંઇપણ સંશય નથી.

नित्यं सरस्वती तोये यः स्नाति मुण्डयेन्नरः
न गर्भवासकुरुते पुनरेवसमानवः

હે નારદ ! જે માણસ હરરોજ સરસ્વતિના જળના વિષે સ્નાન કરે છે, તેને ફરીથી ગર્ભવાસ કરવો પડતો નથી.

तस्मात् सर्वं परित्यज्य प्राचीने पिंडदो भवेत् ।
दत्वा पुत्र प्रयत्नेन पितृन् सर्वांश्च तर्पयेत् ॥

આ કારણથી જે મનુષ્ય બીજાંનો ત્યાગ કરી પ્રાચીમાં સ્નાન કરી પીંડ આપે છે, તેના સર્વ પિતૃ તૃપ્ત થઇ ઉત્તમ પદને પામે છે.

चतुर्दश्यां पौर्णिमास्या मक्षयाय दिनक्षये ॥
व्यतिपाते च गृहणेऽन्यस्मिन् पुण्य दिनेपिच ॥

જે માણસ દરેક ચૌદશે, પૂનમે, અમાવાસ્યાએ, ક્ષય તીથીએ, વ્યતિપાતે, ગૃહણના દિવસે અગર કોઇ પુન્યકારક દિવસે અથવા

सरस्वत्यां महाराज अनुसंवत्सरं चत
दृष्यते भारत श्रेष्टं तुतावै कार्तिकी सदा ॥
इत्येव कथितः किंचित् भारतिस्नान कितेनम ।
सुखदं मोक्षदंसारं किमन्यत् श्रोतुमिच्छसि ॥

ब्रह्म वैवर्त पुराणे.

શ્રી ભગવાન કહે છે હે નારદ ! આખા વરસના વિષે તથા કાર્તકી માસ વિષે આ ભારત ભુમીમા શ્રેષ્ટ એવી સરસ્વતિમા સ્નાન કીર્તન કરનારને તે મોક્ષ આપે છે, વળી ગંગાજીને પોતાનામા પાપી પુરૂષો પાપ નિવારણ કરી જાય છે તે માટે શંકા થઇ તે ઇતિહાસ હે નારદ ! સાંભળો.

કાશીથી ગંગાજીનું પાપ મુક્ત થવા પધારવું.

जान्हव्युवाच

कलिकल्मष कोटयौघै ब्रह्महत्यादिकैर्युताः ॥
कलि काले हृषीकेश स्नान कुर्वंति मज्जले ॥
तेषां पाप शतैर्दोषै देहोमे कलुषीकृतः ॥
कथं यास्यति मेदेव पातकं गरुडध्वज ॥

એક વખતે ગંગાજીએ પરમાત્મા માધવને પુછ્યું કેઃ—હે ગરૂડધ્વજ ! કલીયુગના વિષે બ્રહ્મહત્યાદિ કોટી પાપોવાળા લોકો મારામાં સ્નાન કરી પાવન થાય છે તેમના પાપોથી હું દુષિત થઇ પીડા પામું છું. તે નિવાર-

ણુ કરવાના ઉપાય માટે આપની પાસે આવી છું. માટે કૃપા કરી તે બતાવો '

प्राची माधव उवाच ॥

कथयामिन संदेहो मापुत्रि रोदनं कुरु ॥
श्री स्थानं नाम मत्स्थानं प्राचीदेवी ममाग्रतः ॥
वहते ब्रह्म तनया दृष्ट्वागे च सुरेश्वरीम् ॥
स्नानं कुरुष्व नित्यंत्वं त्वत्र पूताभविष्यसि ॥
यत्र ब्रह्म सुता प्राची तत्राह नात्र संशयः ।
तीर्थकोटि शतैर्युक्तः सुरैः सहवसाम्यहम् ॥
पवित्रं मत्प्रिय स्थानं हत्या कोटि विनाशनम् ।
संतुष्टे न मयादत्तं यस्मात्प्राणाधिकासिमे ॥
तीर्थं कोटि सहस्राणि नित्यंतिष्ठंति जान्हवि ।
प्राची सरस्वती तोये सर्वे देव ममाज्ञया ॥
ब्रह्म वधात्सुरापानात् गो वधाद्वृषली वधात् ।
ब्रह्मस्व हरणादेव माता पित्रो स्त्व पूजनात् ॥
च क्रियानाद्गुरु द्रोहादऽभक्ष्यस्य च भक्षणात् ॥
सर्वे पापस्य करणात् प्राची ब्रह्म सुता सुते ॥
व्यपोहयति पापानि सकृत्स्नाने नमेशृतः ।
कुरु स्नानं सरिच्छ्रेष्ठे विपापात्वं भविष्यसि ॥

આ પ્રમાણે સાંભળી માધવ રાયજી ગંગા પ્રત્યે કહેવા લાગ્યા કેઃ– “હે ગંગે ! તુ કલ્પાંત કરીશ નહી. હું તને પાપમુક્ત થવાનું સ્થાન બતાવું છું. તે સાભળ, હુ પ્રાચી સરસ્વતી કિનારે નિવાસ કરૂછું, ત્યા મારા આગળ બ્રહ્માની પુત્રી સરસ્વતી ઘણા દેવો સહ રહેલાં છે, તેની અંદર દરરોજ સ્નાન કરવાથી તારા તમામ પાપોનો નાશ થશે હું ત્યાં આગળ તેત્રીસ કરોડ દેવતાઓ સાથે રહુ છું આ સ્થાન ઘણું પવિત્ર ને તે કોટી પાપોનો નાશ કરનાર છે, હું તારા ઉપર પ્રસન્ન થવાથી પ્રાણથી અધિક જે તીર્થ તે હું તને બતાવું છું. આ જગોએ બ્રહ્મહત્યાવાળો, સુરાપાન કરનારો,

ગૌવધ કરનારો, બીજા પ્રાણીઓનો વધ કરનારો, બ્રાહ્મણોનું દ્રવ્ય ચોરનાર, માતા પીતા તથા દેવોનો તીરસ્કાર કરનાર, ગુરૂદ્રોહી, અભક્ષ્ય પદાર્થ ખાનાર, તથા તે સિવાય બીજાં પાપ કરનાર પણ હે ગંગે ! સરસ્વતિમાં એક વખત મારા સન્મુખ સ્નાન કરે તો તેનાં પાપો નાશ પામે છે, માટે હે ગંગે ! તું પણ ત્યા જઇ સ્નાન કર એટલે તમામ પાપોનો નાશ થશે.

जान्हव्युवाच

नाहं शक्नोमि देवश आगंतुं नित्य मेवहि ।
कथं नश्यंति पापानि कथयस्वेह माधव ॥

ગંગાજી બોલ્યાં કે હે માધવ ! મારામા દરરોજ પાપી લોકો સ્નાન કરે છે, ને તે પાપ નિવારણ કરવા દરરોજ મારાથી આવી શકાય નહી માટે મને સરળ માર્ગ બતાવો.

प्राची माधव उवाच

न शक्नोषि यदा गंतुं नित्य मेवहि जान्हवि ।
तदान्यत्संप्रवक्ष्यामि यस्सान्मत्पाद संभवा ॥

હે ગંગે ! તારાથી દરરોજ આવી ન શકાય તેમ હોય તો હું તને બીજો માર્ગ બતાવું છું તે તુ સાભળ.

चतुर्दश्यां पौर्णिमास्यांऽक्षयाया दिनक्षय ।
व्यतिपाते च गृहणेऽन्यस्मिन् पुण्य दिनेपि च ॥

ચૌદશે, પુનમે, અમાવાશ્યાએ, ક્ષયતીથીએ, વ્યતિપાતે તથા ગૃહણના દિવસે અને બીજા કોઇ શુભ દિવસે આવી સ્નાન કરવાથી તારા પાપોનો નાશ થશે.

सरस्वत्यां महाराज अनु संवत्सरं व्रत ॥
द्रश्यते भारतः श्रेष्टं व्रतां वै कार्तिकी सदा ॥

વરસમા ગમે તે દિવસે અગર તો કાર્તિકી પુર્ણીમાપર આવી સ્નાન કરવાથી આખા વરસનાં પાપોની મુક્તિ થશે.

વળી સરસ્વતીએ દેવોને મહાન ભયમાથી મુક્ત કરવા માટે દેવોની સ્તુતિથી પૃથ્વી ઉપર પધાર્યા તેનો ઇતિહાસ સાંભળો કે જે સાંભળવાથી અંતઃકરણ શુદ્ધ થઇ પ્રભુ પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન કરે છે.

પૂર્વે દેવાસુર સંગ્રામ નિવૃત્ત થયા પછી સઘળા દેવો વિમાનમા બેશી ભૂતળ ઉપર ઉતરતાં અમરાપુરી સદ્રશ શ્રીસ્થળ નગર જોયું. ત્યાં તેજપુંજ અને તપોનીધિ, દધિચી ઋષિનો શાન્તિનું સામ્રાજ્ય દર્શાવતો દીવ્ય આશ્રમ જોયો. આ આશ્રમ બકુલ, કલ્હાર, કેતકી, અને જુઇનાં પુષ્પ પરાગની સૌગંધ્યથી સુવાસિત, આમ્રવૃક્ષ, કંદળી નાળીએર અને ખર્જુરના સ્વાદિષ્ટ અને રસ ઝરતાં ફળોથી શોભાયમાન, મયુર કોકિલા અને શુકના મધુરા નાદથી ગુંજયમાન હતો. આવા સૌન્દર્યપૂર્ણ આશ્રમને જોવાનું કુતુહલ થતા સર્વ દેવો વિમાનમાંથી ઉતરી તે આશ્રમમા આવ્યા. ત્યા ઋષિના શિષ્યોએ તેમનું અર્ધ્યપાદ્ય-પૂજન કરી ઉત્તમ આશન પર બેસાડયા. ત્યા દેવરાજા ઇન્દ્રે દધિચી ઋષિના આગળ પોતાના આયુધો મુકી, તેમને સંભાળવા તથા પોતાને જ્યારે જરૂર પડે ત્યારે તે પાછાં આપવા પ્રાર્થના કરી. ઋષિએ તે આયુધોનું રક્ષણ કરવાનું માન્ય કર્યુ તેથી પોતાના સઘળા શસ્ત્રો ત્યા મૂકી દેવતાઓ નિર્ભય થઈ સ્વર્ગમાં ગયા. કેટલોક કાળ વ્યતીત થતાં દધીચી ઋષિએ ગિરિરાજ હિમાલયમા સમાધિ માટે જવાની તૈયારી કરી તે વખતે શુભદ્રા નામની એક સાધવી સ્ત્રી રૂષિની સેવા કરતી હતી તેને ઋષિએ દેવોના શસ્ત્રો ઉપાડી લેવા કહ્યું પરંતુ શસ્ત્રભાર સહન કરવાને તે અસમર્થ હોવાથી ઋષિએ અંજલીમા જલ લઈ તે હથિઆરોની શક્તિનું આવાહન કરી જળનું પાન કર્યુ અને દેવોના સઘળા આયુધોની શક્તિ પોતાના દેહને વિષે ધારણ કરી. પછી તે મુનિએ હિમાલયમા ચંદ્રભાગા નદીપર એક શાન્ત આશ્રમમા સુભદ્રાસહ નિવાસ કર્યો. એક વખત રજસ્વલા થયેલી સુભદ્રા ઋષિનું વલ્કલ લઇ નદીમાં સ્નાન કરવા ગઇ, અને એકાંન્ત સ્થાનમાં ઋષિનું વલ્કલ પહેરી નદિમાં સ્નાન કરી પ્રાણાયામ કર્યો. તે વલ્કલમાં ઋષિનું વીર્યપાત થયુ હતુ તેથી તેના સંયોગથી તેને ગર્ભ રહ્યો. આ જોતાં સુભદ્રા અતિ વિમાસણ કરવા લાગી અને એક અશ્વસ્થ વૃક્ષ આગળ સૂર્ય સરખા તેજસ્વી પુત્રને જન્મ આપી તેને વૃક્ષના મુળમા મૂકી વિચાર કરવા લાગી કે હું અખંડ બ્રહ્મચારિણી અને જીતેન્દ્રીય હોઇ કોઇ પણ પુરૂષની મારા મનમા અદ્યાપિ ભાવના કરી નથી છતા આવું અપ્રાકૃતિક કાર્ય શાથી થયું. મારા વૃતને ખંડિત કરનાર અને મને દુષણ આપનાર આ ગર્ભદાતા પુરૂષના શરીરનો ક્ષય થજો; એવો ભિષણ શ્રાપ આપી આશ્રમમા પાછી ફરી. પોતાના અજીત શત્રુ વૃત્રાસુરનો નાશ કરવા દેવો પોતાના શસ્ત્રોની માગણી કરવા ઋષિ પાસે આવ્યા હતા. ઋષિએ તેમને કહ્યું તમારાં આયુધો તમે મુક્યાં હતા તેજ સ્થળે છે. પરંતુ તેમની શક્તિનું

પાન કરી મેં તે મારા દેહ વિષે ધારણ કરેલ છે, ત્યારે દેવોએ કહ્યું હે મુનિશ્વર તેવા શક્તિહીન શસ્ત્રોને લઈ અમે શુ કરીએ અને તે વડે અમિત તેજવાળા અમારા શત્રુ વૃત્રાસુરનો કેવી રીતે અમે પરાજય કરી શકીએ. ઋષિએ કહ્યું કે તે માટે તમો મારા શરીરનાં અસ્થિને લઇ તેના શસ્ત્રો બનાવો. તે શસ્ત્રો જે બનશે તે તમારા પ્રથમના શસ્ત્રો કરતા દ્વીગુણીત શક્તિવાળાં થશે જેથી તમારા શત્રુનો તમો અવશ્ય પરાજય કરશો. પણ ઇન્દ્રે બ્રહ્મઘાતના નિન્દ્ય કર્મ કરવાની અનિચ્છા બતાવી. તેથી **परोपकाराय सतां विभूतयः** એ સૂત્રને માનનાર દયાનિધાન દધીચી ઋષિએ દેવોના હિતને માટે બ્રહ્મરન્ધ્ર દ્વારા પોતાના આત્માને પરબ્રહ્મમા સંયોજી દેહ ત્યાગ કર્યો. પછી દેવતાઓએ ગાયો દ્વારા તે અસ્થિઓની શુદ્ધિ કરાવી. વિશ્વકર્મા પાસે તેના વજ્ર, શુળ અને શક્તિ વીગેરે અનેક આયુધો કરાવ્યાં. સુભદ્રા પોતાના સ્વામિને તીલાંજલી આપી તેમની ઉત્તર ક્રિયા કરી પોતાના પુત્રની શોધ માટે અશ્વસ્થ વૃક્ષ આગળ ગઈ. ત્યાં તેને તપના ફળરૂપ પોતાનો પુત્ર આનંદમા સુતેલો જણાયો. પોતાના ગર્ભાધાન રહસ્યના સ્ફોટન માટે તેણે પ્રભુની પ્રાર્થના કરતા આકાશવાણી થઇ કે હે સાધ્વી તારા સ્વામી દધીચી ઋષિના વિર્યથી તને ગર્ભ ધારણ થયો છે માટે તું સર્વ શોકનો ત્યાગ કરી તારા પુત્રનું પાલન કર. તેણે માતાના સ્તનપાનના અભાવે પીપળાના ફળના રસથી જીવન ધારણ કર્યું તેથી પિપ્પલાદ એવું તેનું નામ રાખવામા આવ્યું. પિપ્પલાદ ને આશ્રમવાસી ઋષિઓએ વેદોક્ત વિધિથી ઉપનયન સંસ્કાર કરી અષ્ટાગ યોગ સહિત વેદ તથા તેના છ અંગોનું અધ્યયન કરાવ્યું. એક વખતે પિપ્પલાદે પોતાની માતાને પોતાના પીતા સંબંધી પૂછતા સ્વાર્થસાધક દેવતાઓએ શત્રુનો પરાજય કરવા માટે દધીચી ઋષિના અસ્થિની કરેલી માગણી અને તેમના કલ્યાણ માટે ઋષિએ કરેલા દેહ ત્યાગની વાત કહી સંભળાવી. આ સાંભળી તપસ્વી પિપ્પલાદને અતિ ક્રોધ થયો; અને સ્વસુખની લાલસામાં લીન એવા સ્વાર્થ પરાયણ દેવતાઓના નાશ સારૂ (કૃત્યાનલ) અગ્નિ ઉત્પન્ન કરવા વિચાર કરી હિમાલયમાં તપ કરવા ગયા. અન્ન જળનો ત્યાગ કરી દ્રઢાશન લગાવી વામ હસ્તથી વામજંઘાનું મથન કરી એક વર્ષ પર્યંત ઉગ્ર તપ કર્યું.

સ્વતેજથી પ્રાણી માત્રનો નાશ કરનાર કલ્પાતાગ્નિ જેવા તે ગર્ભનું નામ વડવાનળ પડ્યું. તેણે પિપ્પલાદ મુનિને કહ્યું કે તમોએ બળપૂર્વક મને ઉત્પન્ન કર્યો છે, તો તમારી જે આજ્ઞા હોય તે મને જણાવો તે પ્રમાણે

હું કરીશ. એટલે ઋષિએ પોતાના પીતાના ઘાતક સર્વ દેવતાઓને ભક્ષણ કરવા તેને આજ્ઞા કરી. આ સાભળી સર્વ દેવો અતી ભયભીત થઇ ભગવાન વિષ્ણુનું શરણ માગવા ગયા. વિષ્ણુ ભગવાને વડવાનલ પાસે જઇ તેને મધુર વચનો વડે શાન્ત કર્યો. અને સર્વ દેવોનું એકી સાથે ભક્ષણ ન કરતાં પ્રત્યેક દિવસે એકએક દેવનું ભક્ષણ કરવા જણાવ્યુ. તે પ્રમાણે કરવા તેણે માન્ય કરતાં, વિષ્ણુએ સૃષ્ટિનું આદિ કારણ એવા વરૂણદેવનું પ્રથમ ભક્ષણ કરવા તેને જણાવ્યું. એટલે તેણે કહ્યું કે પશ્ચિમ સમુદ્ર તરફ કુમારિકાના શુભ વાહન પર આરૂઢ થઇ તે તરફ જઇશ. તેથી માહા વિષ્ણુ સર્વ દેવો સાથે બ્રહ્મ સદનમાં જઇ ભક્તવત્સલા બ્રહ્મતનયા કુમારીકાની અતિ નમૃભાવે પ્રાર્થના કરી જેથી તે દયાળુ દેવીએ દેવહિતના કાર્ય માટે વડવાનલને પોતાના મસ્તકપર ધારણ કરી પશ્ચિમ સમુદ્ર તરફ લઇ જવાની તેમની પ્રાર્થના કબુલ કરી અને સર્વ દેવોની શુભાશિષ તથા હર્ષ વચ્ચે મંગળ વાદ્યો સાથે સુવર્ણના કળશમા વડવાનલને ધારણ કરી પિપ્પલાદ ઋષિના આશ્રમમાથી પશ્ચિમ સમુદ્ર તરફ પ્રયાણ કર્યુ. માર્ગમા વડવાનલના ઉગ્ર તાપથી અને સૂર્યના પ્રખર કિરણોથી તપ્ત થએલ કુમારિકા ભૂગર્ભમાં (જમીનમા) ગમન કરવા લાગ્યા. અને કોઇ કોઈ વખત જમીનના ઉપરના ભાગમાં પણ ગમન કરવા લાગ્યા અને આજ કારણને લઈ સરસ્વતિ કોઇ ઠેકાણે ગુપ્ત અને કોઇ ઠેકાણે પ્રગટ રીતે વહન કરે છે. આવી રીતે ગમન કરતા કરતા સમુદ્ર ઉદરમા હેમ કલશને સ્થાપન કરી સર્વ દેવોને વડવાનળના ભયંકર ત્રાસમાંથી મુક્ત કરી નિર્ભય બનાવ્યા. ઉત્તરમાથી પશ્ચિમમા જતા જમીનપર ચાલતાં નીચે પ્રમાણે પાચ સ્થળોમા તેમનું પ્રાગટ્ય થયું હતુ તેથી તે સ્થળો અતિ પવિત્ર અને પાપ નાશ કરનાર મનાય છે.

रुद्रावर्त्ते कुरुक्षेत्रे प्रयागे श्री स्थले तथा ।
प्रभासे पंचमेतीर्थे पञ्च प्राची सरस्वती ॥

વર્તમાન સિદ્ધપુર.

આદિ કાળનું મહર્ષિ કર્દમનું તપોવન, ભગવાન માધવની ઇચ્છાથી નીર્માણ થએલ શ્રીસ્થળ, ગુર્જરેશ્વર મુળરાજનું પ્રિયસ્થાન અને સિદ્ધરાજથી સમૃદ્ધ થએલ શ્રીનગર, મોક્ષદાયિની સરસ્વતીના કિનારાપર આવેલું આજે સિદ્ધપુરના નામથી પ્રસિદ્ધ છે. આર્યાવૃતના તીર્થ સ્થળોમાં અગ્રસ્થાન ભોગવતું કાળના ઉન્નતિ અવનતિના ચક્રમાં ઘસડાતુ પોતાની પ્રાચીન

પ્રભુતાનું કંઇક ભાન કરાવે છે. સમયના પરિવર્તન સાથે તેની પણ વસ્તુ સ્થીતિમાં પરિવર્તન થયેલું છે. તપસ્વી મહર્ષિઓના શાન્ત આશ્રમને સ્થાને વોહરા તથા હિંદુઓની ભવ્ય હવેલીઓ નગરને શોભાવે છે. નિરંતર વેદ ધ્વનિના બદલે કલહના અવિરલ શબ્દો કાનને અથડાય છે. નિત્ય હોમ અને યજ્ઞના પવિત્ર ધૂમ્રને બદલે યંત્રાલયોના ધૂમાડા વાતાવરણને દૂષિત કરી રહ્યા છે. તેજ મહર્ષિઓના સંતાનો આજે અહિઆ વસે છે, પણ સાપ ગયા અને લીસોટા રહ્યા એ લોકોકિત પ્રમાણે તેમની સ્થીતિ છે. ક્યા વિશ્વની અખિલ સંપત્તિને પણ તુચ્છ ગણનાર અને ભાવથી અર્પણ કરેલ રાજદાનનો અનાદર કરનાર મહર્ષિઓ અને જીવિકા માટે પણ વળખાં મારનાર તેમના વંશજ આધુનિક બ્રાહ્મણો ક્યાં!

સમય એજ કરે છે. વેદ વિદ્યાના અધ્યયન અધ્યાપનથી પૂર્વે ગણાતું વિદ્યામંદિર અત્યારે વિદ્યાવિહિન સ્થાન જેવું થઈ રહ્યું છે. સાયં પ્રાતઃકાલે સંધ્યાવંદન માટે બ્રહ્મ વૃન્દથી વેષ્ટિત સરસ્વતિ ઉભય કિનારાઓ શોભી રહે છે. હજુ પણ અહિંના બ્રાહ્મણોના આચાર વિચાર ગુજરાતમા વિશિષ્ટ હોવાથી પોતાના વડીલોનું કંઇક ગૌરવ તેઓ સાચવી રહ્યા છે. અને વર્તમાન સુધારાના મનુષ્યો પણ તેમને પુજ્ય અને માનની લાગણીથી જુએ છે, સિદ્ધપુર એ ગાયકવાડી રાજ્યમા પ્રસિદ્ધ અને જાત્રાનું મોટું શહેર ગણાય છે. અને રજપુતાના માળવા રેલવેનુ મોટું સ્ટેશન છે. ગામની વસ્તીમાં મુખ્ય ભાગ બ્રાહ્મણો અને વહોરાઓનો છે. ચાલુ જમાનાની કેળવણીમાટે હાઇસ્કુલ અને આરોગ્ય માટે દવાખાનું તથા શ્રી લાયબ્રેરી વીગેરે સંસ્થાઓ વડોદરા નરેશ શ્રીમંત સયાજીરાવ માહારાજની પ્રજાહિતની લાગણી તથા વિદ્યા પ્રિયતાનુ સુચન કરાવે છે. શહેરની બહાર તેમજ અંદર પ્રાચીન તેમજ અર્વાચીન ઘણા દર્શનીય સ્થળો છે. અને પુરાણ પ્રસિદ્ધ સ્થળ હોવાથી હિંદના અનેક યાત્રાળુઓ યાત્રાર્થે આવે છે. કાર્તિકી પુર્ણીમાએ ચાર દિવસ મોટો મેળો ભરાય છે. જેમાં યાત્રાળુઓ ઉપરાંત સાધુ, સન્તો અને તપસ્વી માહાત્માઓ પણ આવે છે.

દર્શનીય સ્થળો.



કર્દમ મહર્ષિ.



જગન્માતા દેવહુતિ.

તપ અને તેજની જવલંત મૂર્તિ સમા, સૃષ્ટિના સૃજનકાળ સમયના બ્રહ્મદેવના મનોભૂ પુત્ર અને પ્રજાપતિઓમા શ્રેષ્ટ મુનિ શાર્દુલ કર્દમને પ્રજોત્પત્તિ કરવાની પિતાની આજ્ઞા થતા, પ્રજા ઉત્પન્ન કરવાની શક્તિ મેળવવા સારૂ સરસ્વતીના શાન્ત કિનારે આવી વસ્યા અને દશહજાર વર્ષ સુધી ઉગ્ર તપશ્ચર્યા તથા યોગ ક્રિયાવડે શ્રી હરિની આરાધના કરી. તપની ફલ સિદ્ધરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો. ભગવાનની આજ્ઞાથી મનુની દીકરી દેવહૂતિનું પાણી ગ્રહણ કરી સ્ત્રી પ્રજા ઉત્પન્ન કરી તથા શ્રી હરિને પોતાને ત્યા પુત્રરૂપે જન્મ થતા કૃત્ય કૃત્ય થઇ ચતુર્થાશ્રમ સંન્યાસનો સ્વીકાર કરી હિમાલયમા જઈ બ્રહ્મની ઉપાસના કરી બ્રહ્મિભૂત થયા.

સૌન્દર્ય અને પ્રભાતમા શાગર તનયા લક્ષ્મી સમાન, શીલનમા શૈલ બાળા પાર્વતી જેવા અને ગાભિર્યમા વસુન્ધરા સરીખા મનુ કન્યા, દેવહુતિએ નારદમુનીના મુખથી મહર્ષિ કર્દમના તપ તેજ અને વિદ્યાના યશોગાન સાંભળી તેમને પીતાની સંમતિથી વર્યા. રાજકુમારી હોવા છતા સ્વામીની અનન્ય ભાવે લાબાકાળ સુધી સેવા કરી તથા તપશ્ચરણના કષ્ટની દરકાર ન કરતાં દેહદમન કરી પતિની કૃપા પ્રસાદિ પ્રાપ્ત કરી. તેમની ઉત્તમ સેવાથી પ્રસન્ન થઇ મહર્ષિએ તેમની મનોવાંચ્છના પૂર્ણ કરવા બિંદુ

સરોવરમા સ્નાન કરવા જણાવ્યું. સરોવરમા પ્રવેશ કરતા તપની સિદ્ધિરૂપ દીવ્ય વસ્ત્રધારી એક હજાર વિદ્યાધરીઓ તેમની સેવામા હાજર થઇ અને સૌગંધીક પદાર્થોવડે તેમના શરીરને મર્દન કરી સ્નાન કરાવ્યું તથા તેજસ્વી અલંકારો અને વસ્ત્રોવડે તેમના શરીરને વિભુષિત કર્યું. દીવ્ય દેહને ધારણ કરી દેવહુતિ સરોવરમાંથી દાસીઓ સહ બહાર આવતાં ઋષિએ પોતાના તપોબળથી સમૃદ્ધિથી યુક્ત અને વિલાસના રસ સાહિત્યોથી ભરપુર અપૂર્વ વિમાન ઉત્પન્ન કર્યું. તે વિમાનમા પતિસહ, દેવ ગંધર્વ, યક્ષ અને કિન્નર લોકમા વિચરતા દીર્ઘકાળપર્યન્ત ભોગવિલાસનું અલૌકિક સુખ મેળવ્યુ અને સતિ શિરોમણી, અનસુયા, અરૂન્ધતી વીગેરે નવપુત્રીઓને જન્મ આપી તથા તેમને બ્રહ્માની આજ્ઞાથી મરિચી, વસિષ્ટ અને અત્રિ વીગેરે મહર્ષિઓને આપી જગતની વંશવૃદ્ધિ કરી. તેથી તેઓ જગન્માતા કહેવાયા, અને આ સિદ્ધક્ષેત્ર તેથી દેવ અને ઋષિઓનું મોસાળ ગણાય છે. તેમણે સકામ ભક્તિવડે શ્રીહરિના અંશરૂપ કપિલને પુત્રરૂપે મેળવી તથા તેમની પાસેથી બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ પામી સંસારની અસારતાનો બોધ સમજી મનને આસક્તિ રહિત કરી પરમાત્માના ચરણ કમળમા મનને પરોવી જીવનમુક્તિ મેળવી

શ્રી કપિલદેવ ભગવાન.



सिद्धानां कपिलो मुनिः

મહામુનિ કર્દમના દશહજાર વર્ષના ઉગ્ર તપશ્ચરણ અને કર્દમ તથા દેવહુતિના અનન્ય ભક્તિભાવવડે પોતાના આરાધનથી પ્રસન્ન થયેલ વૈકુંઠા-ધિપતિ ભગવાન વિષ્ણુએ ગરૂડારૂઢ થઈ શંખ, ચક્ર, ગદા, પદ્મ આદિ આયુધો સહિત તે તપસ્વી દંપતીને દર્શન આપી તેમને મનવાંછિત વરદાન માગવા જણાવ્યું. દંપતીએ આપના જેવો પુત્ર હમોને પ્રાપ્ત થાઓ એવું વરદાન માગવાથી તેમની મનઃકામના સિદ્ધ કરવાને માટે તેમણે તેમના ત્યાં પોતાના અંશરૂપવડે પુત્રરૂપે જન્મ ધારણ કર્યો. તે વખતે દેવતાઓ તથા મહર્ષિઓ સહ બ્રહ્માએ આવી

सांख्याचार्य मुनिश्वर । कर्दम सुत कपिलेश्वर ॥

કપિલ એવું નામાભિધાન રાખ્યું. કપિલે સાંખ્ય યોગવડે પ્રકૃતિ પુરૂષનું નિરૂપણ કરી પોતાની માતાને આત્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો. જેથી આ અસાર સંસારમાંથી આસક્તિ રહીત મનને આત્મસ્વરૂપમા સંયોજીત કરી શ્રીહરિનું ધ્યાન ધરના માતા દેવહુતિ પરમ મુક્તિને પામ્યાં. ત્યારપછી મુનિ-શ્રેષ્ટ કપિલ ઈશાનકોણ તરફ જ્યા પાપ નાશીની ગંગાનો સમુદ્રમાં સંગમ થાય છે અને જે ગંગાસાગરના નામથી પ્રસિદ્ધ છે, તે સ્થાને જઈ ત્યા આગળ ત્રિલોકની શાન્તિને અર્થે યોગ ધારણ કર્યો. શત અશ્વમેધ કરનાર અયોધ્યાધિપતિ સગરના અશ્વને દેવરાજ ઇન્દ્ર ચોરીને અહી મુકી ગયેલ જેથી તેની શોધ માટે નીકળેલ સગર રાજાના મહાપરાક્રમી સાહઠહજાર પુત્રો અશ્વની શોધ કરતા આ સ્થાનમા આવી પહોચ્યા, અને ઋષિની પાસે અશ્વને બાધેલો જોઇ તેમનેજ અશ્વના હરણ કરનાર સમજી ઋષિની ઘણી રીતે વંચના કરી; તેથી ઋષિના કોપાનળથી તેઓ સઘળા ભસ્મી-ભૂત થઇ ગયા. તેમની થયેલી અવગતિમાંથી ઉદ્ધાર કરવા માટે ભગીરથ રાજાએ ઉગ્ર તપથી ભાગીરથી (ગંગાજી)નેસ્વર્ગમાથી પૃથ્વિતળ પર આણી. અને ગંગાસાગર સ્થાન આગળ ગંગાનું વહન કરાવી તેમના હસ્તિને ગંગાજળથી પવિત્ર કરી તે રાજપુત્રોનો ઉદ્ધાર કર્યો.

વિશ્વોદ્ધારણ કાજકર્દમ ગૃહે જે દેવહુતિ થકી,
જન્મ્યા શ્રી જગનાથ સાંખ્યગતિએ માને દીધી સન્મતી;
મુક્તિ પામી સ્વમાત તાત ઋણમય ત્યાગી થયા સંયતી,
તે માયાદવ માધવા કપિલને નિત્યે કરીએ નતી.

શ્રી ગયા ગદાધર.



કર્દમમુનીના ઉગ્ર તપશ્ચરણ અને અનન્ય ભક્તિવડે પ્રસન્ન થયેલ ભગવાન વૈકુંઠાધિપતિ તેમને વર આપવા શંખ, ચક્ર, ગદા, પદ્મ આદિ ઐશ્વર્યદર્શક આયુધો સહ ગરૂડારૂઢ થઈ પ્રત્યક્ષદર્શન આપ્યાં અને તેમની મન કામના પૂર્ણ કરી જેથી તેમના દર્શનથી મનુષ્યોની મનઃકામના પૂર્ણ થાય છે. અને અતરે પીંડપ્રદાન કરવાથી માતાનો અસદ્‌ગતિમાંથી મોક્ષ થાય છે.

બિંદુ સરોવર.

बिंदु सरो नरः स्नात्वा
कपिलेश्वर महामुनीः
कर्दमस्य प्रसादे न
पुनर्जन्म न विद्यते ॥

કર્દમઋષિને વર આપવા પધારેલ ભગવાન તેમના ઉગ્ર તપથી અતિ પ્રસન્ન થવાથી વરદાન આપતા પ્રભુના ચક્ષુમાંથી હર્ષના બિન્દુ પડેલાં તેથી તે સરોવરનું નામ " હર્ષબિંદુ સરોવર ' પડેલું છે. આ સરોવરમાં સ્નાન કરવાથી માતા દેવહુતિનો દિવ્ય દેહ થયો હતો. હજુ પણ જળના પરમાણુઓ એવા પવિત્ર અને રાસાયણિક છે કે તેમા સ્નાન કરવાથી કુષ્ટ

જેવા દારૂણ રોગ પણ નષ્ટ થાય છે. અને ઘણા રોગી મનુષ્યોને તેનો અનુભવ થયેલો છે. સરોવર ચારે તરફથી પથ્થરથી બાંધેલું છે. તે વિસ્તારમાં અલ્પ પણ રમણિય છે. અહિયાં માહાલય શ્રાદ્ધ થાય છે જેનું માહાત્મ્ય નીચેના શ્લોકોથી સીદ્ધ થાય છે. અને માતાની માતૃષોડસી કરવાથી માતાની મુક્તિ થાય છે.

શ્રાદ્ધ માહાત્મ્ય.

कात्ययन उवाच

अन्वष्टका सुवधोच गयायां च क्षये हनि ।
अत्र मातुः पृथक श्राद्धं अन्यत्र पतिना सह ॥ ॥ निर्णयसिंधु ॥

કાત્યાયન ઋષિએ કહ્યુ છે કે.—સરસ્વતિ તથા બિંદુસરોવર ઉપર માતાનું શ્રાદ્ધ પતિથી જુદુ કરવાથી તેના માતાદિપિતૃ લોક બ્રહ્મલોકને પામે છે. ને ફરીથી અવતાર ધારણ કરવો પડતો નથી. વળી આ તીર્થ માટે વધુ મહત્તા એ છે કેઃ—

गयायां योजनं स्वर्गं प्रयागे अर्धे योजनं
श्री स्थले हस्त मात्रेण यत्र प्राची सरस्वती ॥
सिद्धक्षेत्रे तुया श्राधं वागीशा यस्य संनिधौ
नमोस्तु देव देवेश भूतर्षि पितृ पोषकः ॥
आ ब्रह्म स्तम्ब पर्यंतं देवर्षि पितृ मानवाः
तृप्यन्तु पितरः सर्वे मातृ माता महादय ॥ ? ॥
एकोतर शतं चैव कुलानां तारणायच ।
जल रुपेण सादेवी सर्व पाप प्रणाशिनी ॥ ? ॥

સીદ્ધક્ષેત્રમા સરસ્વતી સામે બિંદુ સરોવર પર જે શ્રાદ્ધ કરે છે માતાદિ પિતૃઓને જે પિંડ આપે છે તેના પિતૃઓનો ઉધ્ધાર થાય છે ને મોક્ષ પામે છે. એકોતેર પેઢીના પિતૃઓને તારવાને અર્થે સરસ્વતી અત્રે જળ રૂપે વહન કરે છે.

વળી કહ્યું છે કેઃ—

गण्यते पांसवो भूमे गण्यते वृष्टि बिन्दवः
न गण्यते विधातापि श्राद्ध संरक्षणे फलम् ॥

જમીનપરના રજકણો કોઇ વખતે ગણી શકાય છે તેમ વરસાદની જળધારાના બિંદુઓની ગણના પણ થઇ શકે છે, પણ શ્રાદ્ધથી મળતા ફળની ગણના બ્રહ્મદેવથી પણ થઇ શકતી નથી એવું મનુ માહારાજનું વચન છે.

તેમજ વામનપુરાણમા કહ્યું છે કે:-માતૃ તીર્થમા સ્નાન શ્રાદ્ધાદિ વિધિપૂર્વક કરવાથી શ્રાદ્ધ કરનારના વંશની વૃદ્ધિ થાય છે.

અલ્પા સરોવર.

બિંદુ સરોવરની સમિપ અને તેના કરતા કંઇક મોટું એક બીજું પ્રાચીન સરોવર છે જે અલ્પા સરોવર નામથી પ્રસિદ્ધ છે. તે સંબંધી પુરાણ આખ્યાયીકા એવી છે કે.-બ્રહ્માની પુત્રી અને દેવહુતિની સખી તરીકે કર્દમના આશ્રમમા આવેલ અલ્પાને દેવહુતીના ઐશ્વર્યથી અશ્રયા ઉત્પન્ન થઇ તેથી તે શ્રાપિત થઈ જળરૂપે બદલાઇ ગઈ. અહિંઆ પરાક્રમમાં દુર્ધર્ષ ભાર્ગવ શ્રેષ્ટ પરશુરામે પોતાની માતાને પિંડપ્રદાન આપી માતૃહત્યાના પાપમાથી મુક્ત થયા હતા. તેનો કાંઠો હોલ્કરની મહારાણી અહલ્યાબાઇએ કરાવેલો હોવાથી તેના નામથી તે અહલ્યા સરોવર તરીકે પણ ઓળખાય છે. તેમાં શ્રાધના પીંડ વીગેરે નાખવામા આવે છે.

જ્ઞાનવાપી (જ્ઞાનવાવ.)

ज्ञान गंगायाम् यः स्नात्वा पुनर्जन्म न विद्यते ।
ज्ञान गंगे नमस्तुभ्यं देवहुत्या समुद्भवे ।
गहाणार्घ्यं मयादतम् सुरेश्वर्य धनासति ॥

જ્ઞાનગંગામા સ્નાન કરનારને ફરી જન્મ ધારણ કરવો પડતો નથી, જ્ઞાનગંગા એ દેવહુતીના ઉદ્ધારના માટે ઉત્પન્ન થયેલા એવા હે ગંગે ! હું તમોને નમસ્કાર કરૂં છું.

જે સ્થળે ભગવાન શાખ્ય યોગાચાર્ય કપિલે પોતાની માતાને આત્મજ્ઞાનનો બોધ સંભળાવ્યો હતો તે સ્થળ જ્ઞાનવાપીના નામથી પુરાણ પ્રસિદ્ધ છે. હાલમા તે સ્થળ પત્થરથી બંધાવેલ એક વાવ છે તે જ્ઞાનવાવ કહેવાય છે.

ઉપરોક્ત પ્રાચીન સ્થળો ઉપરાંત આ પ્રદેશ એટલે નગરના પશ્ચિમ ભાગમાં બીજાં પણ ઘણા પ્રાચીન તેમજ અર્વાચીન દેવાલયો તથા નાગરિક શ્રીમંતોના સુંદર બંગલાઓ તથા રમણિય બાગો તથા વીજળીક બત્તીઓથી શહેરને અલંકૃત કરે છે. તેમાં આયુર્વેદ નિષ્ણાત શ્રી ધનેશ્વરજી

માહારાજ (ધનુમાહારાજ) નો શાંત આશ્રમ છે જ્યાં **परोपकाराय सतां विभूतयः** એ સૂત્રની સત્યતારૂપ ઔષધિથી રૂગ્ણુ (રોગી) જનોને શારીરિક અને શાસ્ત્ર રહસ્યના સ્ફોટનથી મુમુક્ષુ જનોને માનસિક શાન્તિ અર્પતા, વૃદ્ધ છતાં તપોબળથી તેજસ્વી માહાત્માનુ દર્શન પ્રાચીન મહર્ષિનું ભાન કરાવે છે.

આગળ જતા શ્રી માહાપ્રભુજીની બેઠક છે જેમા વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય માહાપ્રભુ વલ્લભે શ્રીમદ ભાગવતની ૧૦૮ પારાયણ કરેલ છે. મહાપ્રભુની તેજપુજ અને મનોહર પ્રતિમા તથા સ્થાનનો ચિત્તાકર્ષક દેખાવ મનુષ્ય હ્રદયમા ભક્તિભાવ પદિપ્ત કરે છે. સાધુઓનો ખાખ ચોક તથા રામ ચોક તથા બેઠક પાસે કર્દમ વાડી વીગેરે મંદિરો છે.

અત્રેના રહીશ અને ઔદિચ્ય જ્ઞાતિના અચારજ જગન્નાથ માધવરામે (શર્મામાહારાજ) સ્થાપિત કરેલ શ્રી બ્રહ્મચાર્યાશ્રમ અને તે ધર્મશાળામા શ્રી ગોપાળ કૃષ્ણ માહારાજનુ મંદિર, શ્રી દ્વારકાધિશનું પુષ્ટિમાર્ગીય મંદિર તથા શેઠ માધવલાલ મુળચંદે બંધાવેલ લક્ષ્મી નારાયણનું મંદિર તથા બહુચરાજી અને અત્રેના રહીશ ત્રવાડી ગણપતરામે બંધાવેલ મંમ્માદેવીનાં તથા બીજાં ઘણા અર્વાચીન સમયના મંદિરો છે.

શ્રી માધવરાયજી.

विश्वोद्भव स्थिति लया दिषु हेतुमेकम्
मायाश्रयं विगतमायम चिन्त्य रूपम् ।
आनंद सांद्र ममलं निज बोधरूपम्
लक्ष्मिपतिं विदित तत्त्वमहं नमामि ॥

પૂર્વ કથિત ભગવાન માધવની પૂર્વ કાળ સમયની અગોચર મૂર્તિ પ્રાચી સરસ્વતિના તટપર ઘણા સમય સુધી ગુપ્ત રહી તે હાલ દોઢસો વર્ષપર તે સ્થાનમાંથી પ્રત્યક્ષ થઇ જેથી નગરના સંભાવિત ગૃહસ્થોએ તેને શેહેરમાં લાવી વૈદિક વિધિથી તેની પ્રાણ પ્રતિષ્ટા કરી શહેરના મધ્ય ભાગમાં એક ભવ્ય મંદિર બંધાવેલું છે. શંખ, ચક્ર, ગદા, પદ્મ વીગેરે ઐશ્વર્ય દર્શક ચિન્હો યુક્ત પ્રભુની શૌમ્ય ગૌર મુર્તિ મનુષ્ય હ્રદયના ત્રિવિધ તાપને શમાવનાર અપૂર્વ શાન્તિનું અને પ્રભુની અનવધિ કૃપાનું સૂચન કરાવે છે. દ્વારપર ચારે પ્રહર ચોઘડીયા વાગે છે અને વૈદિક વિધિથી રાજોપચાર પૂજન

થાય છે. મંદિરમા આરસ પાથરેલા છે તથા પ્રભુનું સિંહાસન ચાંદીથી મઢેલું છે. સાયં પ્રાતઃકાળે આરતિ સમયે, ભાવિક સ્ત્રીપુરૂષોની મેદની, દીપકોનો પ્રકાશ, સૌગંધિક પદાર્થોની સુવાસ, મધુર સ્વરથી ગવાતી ભગવાનની સ્તુતિ, અને સુવર્ણ તથા મણિમાણિક્યથી જળહળતા પ્રભુના અલંકારોની શોભા આ નાશવંત જગતમા દીવ્ય ભૂમિનું દર્શન કરાવે છે.

चंदनस्य प्रलेपेन श्रियमायुश्च विंदति
पुष्पपत्र प्रदानेन क्षेममारोग्य माप्नुयात् ॥

જે મનુષ્ય ચંદનથી માધવ ભગવાનની પુજા કરે છે તેને લક્ષ્મી તથા આયુષ્ય પ્રાપ્ત થાય છે. જે પુષ્પથી તથા તુળસીપત્રથી પુજત કરે છે તે ક્ષેમ અને આરોગ્ય પામે છે.

શ્રી ગોવિંદરાયજી.

नमो बींब स्फीतं निगम गणगीतं समगतिम्
सुरोघे संप्रीतं दितिज विपरिनं पुरिशयम्
गिरा पंथातीतं स्वदित नवनीतं नयकरम्
सदातं गोविंदं परमसुखकंदं भजतरे ॥

જ્યારે ભગવાન માધવની ધવલ સૌમ્ય મૂર્તિ કારૂણ્ય દ્રષ્ટિવડે માનવ હૃદયને શ્રદ્ધા અને ભક્તિના અનેરા રસથી ભરછક કરી નાંખે છે. ત્યારે પ્રભુ ગોવિંદની શ્યામળ તેજસ્વી મૂર્તિ તીવ્ર દ્રષ્ટિપાત વડે જન હૃદયની ઉંડી ગર્તામાં ભરાઇ રહેલી પાપવાસનાને બલાત્કારે આકર્ષતી અને તે સ્થાને પવિત્ર ભાવનાનું આરોપણ કરતી જણાય છે આ દીવ્ય મૂર્તિનું દર્શન કરતાં અઘોર પાતકીને પણ હૃદયકમ્પ થઇ તેની દુરાચારી ભાવનાઓ નિર્મૂલ થાય છે. જો કે બંન્ને પ્રતિમાઓ જગત્પાલક વિષ્ણુના સ્વરૂપો છે. પરંતુ વર્ણ અને પ્રતિમા ભેદવડે રામ, લક્ષ્મણ અગર કૃષ્ણ બળદેવ એ બંધુ હૃદયનું એકજ સ્વરૂપે ભાન કરાવે છે પ્રયાગમા જેમ વેણી માધવ તેમ અહીયાં ગોવિંદ માધવનું યુગલ શોભી રહ્યું છે. ભગવાન ગોવિંદરાયના પ્રાગટ્ય સંબંધી અદ્ભુત કથા પ્રસંગ છે. આજથી સુમારે દોઢસો વર્ષ પહેલાં તે મુર્તિ કચ્છ દેશના પાટનગર ભુજમા યુગ યુગાંતર સમયની એટલે પૌરાણિક કાળની પ્રાચિન મૂર્તિ એક ક્ષેત્રના ભૂગર્ભમાં અતિ ઉંડાણમાં

પડી રહેલી હતી. તેને બહાર કાઢવા તે ક્ષેત્રના માલિકને ઘણી વખત ઇશ્વરી સંકેત થયેલ પરંતુ પ્રમાદ વશ થઇ અગર પોતાના દુર્દૈવને લીધે તેણે તે માટે ઉપેક્ષા વૃતી ધારણ કરી જેથી તેના કુટુંબ કબિલાને ઉચ્છેદ થયો. અને તે પોતે પોતાના કુટુંબમા એકાકી રહ્યો. આ પ્રમાણે થયેલ પોતાના વંશ વિધ્વંશથી તેને તે ઇશ્વરી આદેશનુ ભાન થયુ. તેણે પોતાના ક્ષેત્રને ખોદી તેમાથી ઉક્ત પ્રતિમા બહાર કાઢી. વિષ્ણુના ષડ ઐશ્વર્ય સંપન્ન દીવ્ય આયુધોથી અંકિત આ તેજસ્વી મૂર્તિનુ શું કરવુ; તેના વિચારમાં તે લોકો પડયા જેથી પ્રભુએ તે ક્ષેત્રકારને સ્વપ્ન દ્વારા પોતાની મૂર્તિ સિદ્ધક્ષેત્રમા મૂકી આવવા જણાવ્યુ. તે પ્રમાણે ત્યાના લોકો તે મૂર્તિને તુલરાશી (રૂ)નું પરિવેષ્ટન કરી એક ગાડામા સીદ્ધક્ષેત્રમા લાવ્યા. અને અહિયાં બિંદુસરોવરનો માર્ગ કે જે તે વખતે નિર્જન અરણ્ય જેવો પ્રદેશ હતો ત્યાં ગુપ્ત રીતે મુકી ચાલ્યા ગયા. બિદુ સરોવર દર્શન કરવા જતા લોકોને આવી અલૌકિક મુર્તીનું એકાએક દર્શન થતા તેમને મહદાશ્ચર્ય થયું અને તેનું અન્વેષણ કરવાની ઇચ્છા થઈ જેથી તેઓ તે સકટના ચીલાનું અવલંબન કરી આગળ વધ્યા અને તે વિદેશીય પથિકોને ગાડા સાથે પકડી પાડયા. તેમને નગરમાં લાવી તે સંબંધી પ્રચ્છા કરતા તેઓએ મુર્તિ સંબંધી સત્યવાર્તા તથા ઇશ્વરી આદેશ કહી સંભળાવ્યો. પ્રભુની આ સ્થાનમાં બિરાજવાની ઇચ્છા જાણી તેઓએ તેમને આદર સહિત જવા દીધા. અને મૂર્તિને નગરમા સ્થાપના કરવાનો પ્રબંધ કર્યો તે સમયે ભગવાન માધવની અતિ પ્રાચીન મૂર્તિ જે સરસ્વતિના તીર ભાગમાથી મળી આવી હતી. તેની સ્થાપના માટે નગરમા એક દેવાલય તૈયાર થતું હતું. તે દેવાલયના બે વિભાગ કરી તેમા ગોવિંદરાય પ્રભુની સ્થાપનાની વ્યવસ્થા કરી, અને એમની બ્રાહ્મણ જાતિના સુપ્રસિદ્ધ અને ગાયકવાડ સરકારના ક્ષેત્ર કુલગુરુ શિવદત્ત ત્રવાડીના હાથે શ્રી ગોવિંદ માધવની બંને પ્રતિમાનું વૈદિક વિધિથી પ્રાણ પ્રતિષ્ઠા કરાવી. ઉક્ત શીવદત્ત ત્રવાડીનો પુત્ર યુવાવસ્થામા મરણ પામવાથી તેની સાધ્વી સ્ત્રી પતી પાછળ સતી થવા તૈયાર થઇ અને પોતાના સસરાને વૃદ્ધાવસ્થા છતા બીજીવાર લગ્ન કરવા જણાવ્યુ. તથા પ્રભુ કૃપાથી તેમની વંશવૃદ્ધી સાચવનાર પુત્ર થશે અને તેનું નામ ગોવિંદ એવું નામ પાડજો એવી ભવિષ્યવાણી કહી પોતે સતી થઈ. સતીના વચનોનુસાર ભગવત્કૃપાથી તે વૃદ્ધને એક પુત્ર થયો અને પ્રભુ કૃપાની સુચનાર્થે તેનું નામ ગોવિંદરામ રાખવામા આવ્યુ. આ પ્રમાણે ભગવાન શ્રી ગોવિંદ માધવે શ્રદ્ધાવાન ભક્તોની મનઃકામના સિદ્ધ કર્યાના અને પાપીઓને દંડ

ક્યોંના ઘણા ચમત્કારો સ્મરણપથમાં મોજુદ છે. સ. ૧૮૫૨ ના માઘ સુદી ૧૩ ના શુભ દિવસે મુર્તિઓની સ્થાપના કરવામા આવી હતી. જેથી તે દિવસ ગોવિંદ માધવની જયંતી તરીકે પ્રતિ વર્ષે ઉજવાય છે. શીવદત્ત ત્રવાડીના હાથે મુર્તીઓની પ્રતિષ્ઠા થયેલી જેથી તેમના વંશપરંપરા પ્રભુ સેવાના લાભ તરીકે માઘ સુદી ૧૩ અને શ્રાવણ કૃષ્ણપક્ષ જન્માષ્ટમી એટલે બન્ને જયન્તીના દિવસે તેમના તરફથી મહાપુજા તથા અન્નકુટ થાય છે. નગરના (સુત્રધારો) સુથારોએ પ્રભુની મર્તીઓને ગામમા પધરાવવા માટે સુંદર રથ તૈયાર કરી તેમા પધરાવી મુર્તિઓને નગરમા પધરામણી કરી હતી; જેથી ગોવિદ માધવની જયન્તીના દિવસે તેમની જ્ઞાતિ સમસ્ત તરફથી નવીન શણગાર (વાઘા) ધરાવવામા આવે છે. પ્રારંભમા રાજભોગની વ્યવસ્થા વીગેરે નહોતી તે સમયે પ્રભુની સેવાર્થે નિઃસ્વાર્થ પરાયણ ભાવનાથી આત્મનિવેદન કરેલ બ્રાહ્મણોના વંશજ હાલમા પુજારી તરીકે હક્ક ધરાવે છે. મંદિરનો વહીવટ ગામના માહાજન હસ્તક છે. ભાવિક નાગરિકો તથા મહાજનની આર્થિક સેવા ઉપરાન્ત રાજ્યાશ્રય તરિકે પણ વાર્ષિક રકમ સરકાર તરફથી મળે છે.

રૂદ્રમહાલય વર્ણન.



[illegible]

ગુર્જરેશ્વર સિદ્ધરાજની સમૃદ્ધિનું અણમોલુ ઉદાહરણ, વિશ્વની ચમત્કૃતિનો અદ્દભૂત નમુનો, પ્રાચીન કલાની ઉત્કૃષ્ટતાનુ પ્રદર્શન, શિલ્પીઓની શીલ્પકળાનું હસ્ત લાઘવ દર્શન, વિદેશીય મુસાફરોની દ્રષ્ટિનું આકર્ષણ, કવિજનોની કલ્પનાનું રસમંદિર, કલાધરોની લલિત કલાનું ધામ, ભારતવર્ષનું ભૂષણ, ગુજરાતનું ગૌરવ, મધ્ય કાલિન વૈજ્ઞાનિક વિદ્યાનું અદ્દભૂત દ્રશ્ય એવો રૂદ્રમહાલય, પોતાના ઉન્નત શિખરોપર શોભી રહેલ, વિજયપતાકાઓને ગગન મંડળમાં ફરકાવતો, પ્રભુતાવડ પૃથ્વીને પાદ તળ નીચે દબાવતો, સરસ્વતિના પુણ્યમય પ્રદેશપર તપતપના દ્રઢાસન લગાવી બેઠેલા અડગ પરાજીત થયેલ ઇશ્વરનું ધ્યાન ધરતા યોદ્ધા સરીખો નિશ્ચળ શોભી રહ્યો હતો. જો કે તેનું અસ્તિત્વ માત્ર એક શતાબ્ધિ (સો વરસ) પર્યંત રહ્યુ હતુ. પરંતુ તે દરમ્યાનમા તેની જાહોજલાલી ભારતવર્ષના સમસ્ત ભાગમાં વિખ્યાત થયેલી હતી. તેના અંગેઅંગમા થતુ કલાનુ દર્શન, તેની વિશાળતા અને ભવ્યતા તથા તેની ભભકભરી રોનક માનવ હૃદયને આશ્ચર્યથી ચકિત કરી નાખે તેવી હતી. તેનું યથાસ્થિત વર્ણન કોઇ ગ્રન્થ અગર ઇતિહાસમા મળી આવતુ નથી. પરંતુ કોઇક બ્રાહ્મણો અને ભાટલોકોને કંઠસ્થ તેનું કાવ્યાત્મ વર્ણનના શ્રવણથી તથા તેનો અવશિષ્ટ રહેલ સિંહદ્વાર તેમજ અન્યભાગ અને નગરમા કેટલેક ઠેકાણે મળી આવતાં ખંડેરોથી તેની પ્રૌઢતાનું ભાન થાય છે. ૩૬ એટલે અગિયાર એ સંકેત મુજબ હાલ જે અવશેષ ભાગ છે તેને એક માળ ગણતાં તેવા અગિયાર માળો એકપર એક હતા. અને તેના ઉચ્ચતમ સ્થાન ઉપરથી નિરિક્ષણ કરતાં તે સમયના ગુર્જર રાષ્ટ્રના પાટનગર પાટણના સહસ્ત્રલીંગ તળાવપર પાણી ભરતી લલનાઓનું દીગદર્શન થતુ હતું. આ પરથી તે સમયમાં તેની સર્વોત્કૃષ્ટ ઉંચાઇનો ખ્યાલ આવે છે.

કેટલાક વિદ્વાનોનું માનવું એવું છે કે રૂદ્રમાહાલય એટલે માહાદેવના અગિયાર ભવ્ય દેવાલયો હશે અને તે સર્વ દેવાલયોના સમુહને રૂદ્રમહાલય નામ આપેલું હશે. અસ્તુ, સત્ય સ્થીતિ ગમે તે હો પરતુ તેને બનાવવામાં અઢળક દ્રવ્યનો વ્યય થયેલો અને જગતના સુપ્રસિદ્ધ કારીગરોના હાથે તે બંધાયો હતો. તથા તેની બાંધણી મનુષ્ય દ્રષ્ટિને ચકિત કરી નાખે તેવી હતી તે નિર્વિવાદ છે. તેના અવશિષ્ટ ભાગ પર જણાતી કેટલીક ભવ્ય શાલાઓ તે સમયના વૈજ્ઞાનિક બળની અપરિમિતતા અગર આ કાર્યમાં કોઇ રાક્ષસી બળનું દર્શન કરાવે છે. કેટલાકોની મનતવ્યતા એવી છે કે ગુર્જરપતિ સિદ્ધરાજને બાબરો ભૂત નામનો એક પિશાચ વશ વર્તી હતો

અને તેની સહાય્યથી આ ભવ્ય રૂદ્રમહાલયની રચના કરવામાં આવી હતી. તેની આંતરિક રચના પણ અતિ ચમત્કૃતિ ભરેલી હતી. આ રૂદ્ર મહાલયમાં એક સહસ્ત્રી શીવલીંગની સ્થાપના કરવામા આવી હતી; અને સાથં પ્રાતઃકાળે આરતી સમયે મધ્યસ્થ ઘંટ વગાડતા તેને સંયોજિત સઘળા દેવાલયોના ઘંટો ગર્જી રહેતા અને તે ઘંટનાદનો ભિષણ ધ્વનિ વાતાવરણમા મળી આસપાસના પ્રદેશમાં ફેલાઇ રહેતો, તથા મહાલયમાં વસતા અને પરબ્રહ્મની ઉપાસનામા લીન થયેલ સન્તોના અંતરતળ શ્રદ્ધા ભક્તિના અનેરા સ્વર તાલ આપતા ઘંટનાદ સાથે મળી માનવ હૃદયમાં પુરૂષ અને પ્રકૃતીની અનિર્વચનીય આરાધના જાગૃત કરતા હતા. હાલમાં અવશિષ્ટ રહેલ માહાલયનો ભાગ કાળની કરાળતા અને પ્રાકૃતિક પદાર્થોની અનિત્યતાનો ભાસ કરાવે છે. તથા આવા અત્યુત્તમ પ્રેક્ષણીય મહાલયને ભંજન કરવામાં મુસલમાનોની ધર્માન્ધતા અગર અદીર્ધદ્રષ્ટિપણું દર્શાવે છે. આ મહાલયની જગાએ સતયુગના સમયથી માહાદેવજીનો વાસ હતો. અને તેજ સ્થળે મુળરાજે રૂદ્રમહાલયની સ્થાપના કરી હતી. શ્રી સરસ્વતિમા સ્નાન કરી રૂદ્રમહાલયનું દર્શન કરવાથી મનુષ્યના અનેક જન્મના પાપોનું નિવારણ થાય છે. અને પિતૃઓને પિંડપ્રદાન કરવાથી પિતૃઓનો રૂદ્રલોકમા વાસ થાય છે. રૂદ્રમહાલયને પુરાણમા મહાલયતીર્થ નામ આપવામા આવ્યું છે.

શ્રી રૂદ્ર માહાલય સ્થાપના તથા ઔદિચ્યોનું ઉત્તરમાંથી આવવું.

અગિયારમા સૈકાની સમાપ્તિ અને બારમા સૈકાના પ્રારંભમાં ચાવડા વંશના ધૂમકેતુ અને ચાલુક્ય વંશના અરૂણોદય રૂપ મહાન પ્રતાપશાળી મહારાજા મુળરાજ ભારતભૂમીના ભૂષણરૂપ, સમૃદ્ધિ અને રશાળ ગુર્જર પ્રદેશમા રાજ્ય કરતો હતો. તેણે અતિ મદોન્મત બની ગયેલ કચ્છના રાજા ગૃહરિપુને જીતી તેના મદ અને અભિમાને દલિત કરી સમસ્ત ગુર્જર ભૂમિને સ્વસત્તા નીચે લાવી વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું. તે રાજાએ ૩૪ વર્ષ સુધી નિષ્કંટક રાજ્ય કરી અને પોતાની પ્રજાની ઉન્નતિ તથા અભિવૃદ્ધિ કરી લોક પ્રીતિ સંપાદન કરી હતી. મુળરાજને ·રાજગાદી તેના માતુલ પક્ષ તરફથી મળી હતી. ચાવડા વંશના છેલ્લા રાજા ચામુડરાજે પોતાની પુત્રી લીલાદેવીને બીજ નામના એક તેજસ્વી અને અશ્વ પરીક્ષામાં દક્ષ એવા એક રાજકુમારને પરણાવી હતી. તે રાજકુમાર એક લડાઇમા મરાયાથી તેની સાધ્વી પત્નિ પોતાનો બાલકુમારને પોતાના પિતાને સોપી પતિ પાછળ સતી થઇ; જેથી મુળરાજ બાળપણથી માતામહના સંપૂર્ણ લાડ અને પ્રીતિમા ઉછેર્યો. બાળપણથીજ વિલક્ષણ પ્રકૃતિનો હોવાથી રાજા પ્રજા

લક્ષ્મનો તે માનીતો થઇ પડ્યો હતો, બલિષ્ટ શરીર, પ્રકૃષ્ટ બુદ્ધિ, અદ્વી-
ીય સાહસ, વીર્ય અને શૌર્ય મિશ્રિત ઓજસ તેનામા સ્વાભાવિકપણે
ાસ કરી રહેલ રાજ લક્ષણનું દર્શન કરાવતા હતાં. આથી ચામુડરાજે
ોતાની પાછળ ગાદી વારસ તરીકે પોતાના દૌહિત્ર (ભાણેજ) ને ઠરા-
યો હતો. ચામુડરાજના સ્વર્ગવાસ પછી તેના પુત્રોએ રાજગાદી માટે અને
ુળરાજના નાશને માટે અથાગ પ્રયત્ન કર્યા, પરંતુ મુળરાજે ધૈર્ય, દક્ષતા
અને પરાક્રમથી તેમના પ્રયત્નોને નિષ્ફળ કરી સર્વ પ્રજાના આનંદ વચ્ચે
ાજ્યાસનરૂઢ થયો. તેના વખતમા "ગીર્વાણ વાણી"નો ઉદ્ધાર થયો અને
અને ધારા નગરીના વિદ્યા વિલાશી રાજા ભોજની માફક વિદ્વાનોને આશ્રય
ળતો. તેની પ્રજા સમૃદ્ધિવાન, સુખી અને સ્વધર્મ પરાયણ હતી. આ પ્રમાણે
ાજ ઐશ્વર્યના પરમ સુખનો આનંદ અનુભવતા રાજા મૂળરાજને જરાવસ્થા
ાપ્ત થઇ,તે વખતે તેને વૈરાગ્ય પ્રાપ્ત થયું. એક સમે તે રાજા શોકાતુર થઇ વિચાર
રવા લાગ્યો કે મે મદોન્મત્તપણાથી ઘણું દુષ્ટ આચરણ કર્યું. જગતના નાશવંત
અને ક્ષણિક સુખની પ્રાપ્તિ માટે અનેક પ્રપંચ અને છળકપટ કરી મોસાળ
ક્ષનો નાશ કર્યો, અને અનેક શત્રુઓનો સંહાર કરી અસદગતિ આપનારૂ
ં રાજ્ય ભોગવ્યુ. સારાસાર બુદ્ધિનો ત્યાગ કરી ભાવી જીવનને માટે
ુભ ક્રિયામાણુ ન કરતા પાપરૂપી ભાથુ ભર્યું. આ પ્રમાણે પોતાના કૃત
ર્મોનો વિચાર કરી તેના નિવારણને માટે શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત કરવાનો
નશ્ચય કર્યો. બીજે દિવસે પ્રાતઃકાર્ય આટોપી પોતાના કુળગુરૂને બોલાવી
ાથજોડી પ્રાર્થના કરવા લાગ્યો કે હે મહારાજ ! તૃષ્ણાતુર થઇ મે મોટું
ાજ્ય ભોગવ્યુ. પણ સ્મૃતિ ધર્મશાસ્ત્રથી મે સાભળ્યુ છે કે:–" રાજ્યને
અંતે ઘોર નરક પ્રાપ્ત થાય છે " તેથી મને અકસ્માત દારૂણ ચિન્તા ઉત્પન્ન
ઇ છે. તો પાપ નિવારણનો કોઇ પણ માર્ગ બતાવો કે જેનું અનુષ્ટાન
રવામા હુ મારૂ અવશેષ જીવન નિર્ગમન કરી મારી હૃદય વ્યવસ્થામાંથી
ુક્ત થાઉં. આ પ્રમાણે પ્રબુદ્ધ થયેલ રાજાની ધર્મ જાગૃતિથી પ્રસન્ન થએલ
ુરૂએ કહ્યું હે નૃપતિ શ્રેષ્ટ તમારી હૃદયની ધર્મ ભાવના અતિ શ્રેષ્ટ અને
આદરણીય છે. જગતમા મનુષ્ય માત્રને પરમ સુખની સ્પૃહા હોય છે. અને
 સુખ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ સાધન ચાતુષ્ટયથી પ્રાપ્ત થઇ શકે
ે. તમે અર્થ અને કામનો યથેષ્ટ ઉપભોગ કર્યો હવે ધર્મ અને મોક્ષને
ાટે પ્રયાશ કરવાનો છે. અને તે સારૂ દેવ, બ્રાહ્મણ અને ગાયની અનન્ય
ાવથી સેવા કરો જેથી તમારૂ પરમ કલ્યાણ થશે અને પ્રાયશ્ચિતનું નિવા-
ણ પણ થશે. યમ, નિયમનું પાલન કરનાર અને તપશ્ચરણમા જીવન વ્યતિત

કરનાર બ્રાહ્મણોની શકિત અમોઘ છે. તેમની અતુલ શકિતના પ્રભાવ વડે જગત યંત્રણા નિયમિત રીતે ચાલ્યા કરે છે, વિશ્વની ઉત્પાદક શક્તિ ભગવાન વિષ્ણુ પણ તેમની ચરણરજની ઇચ્છા કરે છે. તેવા વિશ્વવંદ્ય ભૂદેવોની તમો શ્રદ્ધાભકિતવડે સેવા કરો તથા તેમને ધન, ધાન્ય અને વિપુલ સમૃદ્ધિ અર્પણ કરી સંતુષ્ટ કરો. પૂર્વે બ્રહ્મદેવે તપ કરી વેદધર્મના રક્ષણને માટે બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા અને તેમને ઉત્તરદિશામા સ્થાપન કર્યા. માટે તેઓ પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં વસનારા બ્રાહ્મણો કરતાં શ્રેષ્ટ છે. પુરાણમા કહ્યું છે કે:-**उदिच्या ऋषय सर्वे सदा स्वाचार वर्तिनः श्रुति स्मृति पुराणेषु प्रोक्त मस्ति धरापते ॥** તેઓ સત્ય, ધર્મ, ધ્યાન, સંયમ પાળનારા અને જીતેન્દ્રિય છે, જેથી તેમના દર્શનથી તેઓ સર્વને પાલન કરે છે. તેમનો સત્સંગ જેને પ્રાપ્ત થાય છે તેની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાય છે. ઉત્તરના રમ્ય પ્રદેશમા તપ તપતા બ્રહ્મર્ષિઓ વિશ્વની સમક્ષ લક્ષ્મીને તુચ્છ ગણે છે. તેઓ દેવોના ઐશ્વર્યને માટે પણ નિસ્પૃહ છે. તપશ્ચર્યા એજ તેમનું મોટું ધન છે. તેઓ રાજ-દાનને ઘોર અને વિષમય ગણી તેનો પ્રતિગ્રહ કદિ કરશે નહી તથાપી તેમને નમ્રતાપૂર્વક તેડાવો અને વિનિત ભાવનાથી તથા પ્રિય વાણીવડે તેમને પ્રસન્ન કરો અને અહીથી બારગાઉ દૂર પુણ્યવાહિની બ્રહ્મકુમારિકા (સરસ્વતી)ના તટપર આવેલ અતિ પ્રાચીન તીર્થ શ્રીસ્થળમા ઉત્તરમાથી આવે તે બ્રાહ્મણોનો ત્યા નિવાસ કરાવો અને તમો પણ તે પવિત્ર ક્ષેત્રમાં જઈ તે ભૂદેવોની સેવામા વાનપ્રસ્થ જીવન ગાળો જેથી તમારી મનોવા-ચ્છના સિદ્ધ થશે. આ પ્રમાણે ગુરૂથી બોધ પામેલ ભૂપાલે તે દ્વીજવરોને તેડવા ઉત્તમ વાહનો સહિત પોતાના રાજ પરિચારકોને ઉત્તર દિશામાં મોકલ્યા અને પોતે કાર્યભાર મંત્રી તથા સામંતોને સોંપી અતુલ સમૃદ્ધિ લઇ પોતાની રાણી સાથે શ્રીસ્થળમા જઇ વાસ કર્યો. મૂળરાજના સામં-તોએ ઉત્તર પ્રદેશમાં ભિન્ન ભિન્ન સ્થળોએ ફરી સદાચારી, શ્રૌત, સ્માર્ત ક્રિયાયુક્ત, કામક્રોધથી વર્જીત તથા શમ, દમ, શૌચ વીગેરે ગુણોવાળા, તથા બ્રહ્મસ્પતિ સરખા બુદ્ધિવાન તથા બ્રહ્મ તેજથી પ્રકાશમાન મહર્ષિઓને શોધી કાઢી તેમને ગુર્જર નરેશ મુળરાજની વિપ્રસેવાની ઉત્કૃષ્ટ ભાવના નિવેદન કરી તથા સરસ્વતીના તટપર આવેલ મહર્ષિ કર્દમની તપોભૂમિ સિદ્ધક્ષેત્રમાં તેમને નિવાસ કરાવવાની રાજાની ઇચ્છા જણાવી જેથી તે શ્રદ્ધાળુ ભૂપતિના કલ્યાણની ખાતર અને પુરાણપ્રસિદ્ધ પ્રાચીન ક્ષેત્રમાં નિવાસ કરવાના ઉભય આશયને લઇને તેઓએ નૃપતિની વીનંતિને માન્ય

કરી. પુષ્પમાલા, કમંડળ અને વલ્કલ ધારણ કરેલ જપ, તપ અને અગ્નિહોત્ર કરનાર, શાન્ત વૃત્તિવાળા બ્રાહ્મણો, રાજાએ મોકલેલાં દીવ્ય વાહનોમા આરૂઢ થઇ સ્ત્રી, પુત્ર, પરિવારસહ માહાતીર્થ શ્રીસ્થળમાં આવી પહોચ્યા. ઉપરોક્ત બ્રાહ્મણો, ગંગા યમુનાના સંગમ આગળથી, સર્યૂના તટપરથી, ચ્યવન ઋષિના આશ્રમમાથી, કાન્યકુબ્જ દેશમાંથી, ગગાદ્વાર, નૈમિષારણ્ય, કુરૂક્ષેત્ર, કાશી; અને પુષ્કરજી વીગેરે ઉત્તરના ભિન્ન ભિન્ન પ્રદેશમાથી આવેલા હતા. દીવ્યપ્રભા વડે દિશાઓને પ્રકાશિત કરતા બ્રહ્મવૃન્દનું આવાગમન સાંભળી રાજા પોતાના પુરોહિત સાથે તેમનું સ્વાગત કરવા સામે ગયા. અતિ આદરપૂર્વક તેમને નગરમા પધરાવી ઉત્તમ આસનોપર બેસાડ્યા અને મધુપર્કથી શાસ્ત્રોક્ત વિધિથી આર્ધ્યપાદ પૂજન કર્યુ. તથા સાષ્ટાગ દંડવત પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યા, કે હે જગદોધારક ભૂદેવો આપે મારા જેવા પતિતપર દયા કરી અત્રે પધાર્યાં તેથી હું કૃતાર્થ થયો છું. આપના દર્શનથી મારા અઘોર પાપ નાશ થયા અને આપની કૃપાથી હું આ ભવસાગર તરી જઈશ. મારૂ અવશેષ જીવન આપની સેવામાં મેં અર્પણ કરેલ છે. તો આપ ધન, ધાન્ય, ભુવન, પશુ અને રાજવૈભવ વીગેરે આપની ઇચ્છામા આવે તે વસ્તુનો મારી પાસેથી સ્વીકાર કરી મને ભાગ્યશાળી કરો, રાજાની દીન વાણીથી પ્રસન્ન થયેલ બ્રાહ્મણોએ કહ્યું હે ભૂપતિ, હમો અત્રે તીર્થાટન કરવા આવેલા છીએ, અમને કોઇપણ વિલાસવૈભવની ઇચ્છા નથી. બ્રાહ્મણોને તો તપ એજ મોટું ધન છે. માટે હમો તારા કોઇ દાનનો સ્વીકાર કરીશું નહિ, પરંતુ તારી ઇચ્છા હશે તો આ તીર્થમા વાસ કરી પરબ્રહ્મની ઉપાસના કરીશું. રાજદાન માટે બ્રાહ્મણોની નીસ્પૃહતા ભરેલી વાણી સાભળી રાજા અતિ ખિન્ન થયો પરંતુ તેજોરાશી મહર્ષિઓની ઇચ્છા વિરૂધ્ધ વર્તવાને માટે તે અતિ ડરતો હતો.

આ પ્રમાણે તે ભૂદેવોએ સરસ્વતી કિનારે પોતાની પર્ણકુટીઓ વસાવી જપ તપ કરવા લાગ્યા. અને આસપાસના તીર્થસ્થાનોમા તીર્થાટન કરી દિવસ નિર્ગમન કરવા લાગ્યા. એક વખત સઘળા બ્રાહ્મણો સિદ્ધ ક્ષેત્રથી થોડે છેટે આવેલા દધિચી ઋષિના આશ્રમ પ્રત્યે ગયા અને ત્યાં ત્રણ રાત્રી નીર્ગમન કરી. ઋષિમુનિઓને દધિચી મુનીના આશ્રમમા ગએલા રાજાએ જાંણી એટલે તેણે પોતાની રાણીને આશ્રમમા રહેલ ઋષિપત્નીઓ પાસે ઉત્તમ વસ્ત્રો તથા રત્ન ખચીત સુવર્ણના અલંકારો અને તેજસ્વી આભરણો સહિત મોકલી. રાણીએ મુનીઓના આશ્રમમા જઇ તે સઘળી વસ્તુઓ બ્રાહ્મણ પત્નિઓ આગળ મૂકી તેમાથી ઇચ્છિત વસ્તુઓ સ્વીકારવાનું

જણાવ્યું. પ્રથમતો તેમણે તે વસ્તુઓનો સ્વીકાર કરવા અનિચ્છા દર્શાવી, પરંતુ રાણીની નમ્રતા ભરી વાણીથી તથા લક્ષ્મીની ભભકભરી મોહકતાથી આકર્ષાઇ, તેઓ લોભમાં પડી અને રાણીએ લાવેલી વસ્તુઓનો ઇચ્છા પ્રમાણે સ્વીકાર કર્યો. દધીચિ આશ્રમમાંથી પાછા આવતાં ઋષિઓએ રાજદાનની વાત જાંણી અને પોતાની પત્નીઓના આવા આચરણથી તેઓ અતિ ખિન્ન થયા અને રાજાએ કરેલ વંચનાથી ક્રોધિત થઇ તેને શ્રાપ આપવા તૈયાર થયા, પરંતુ તેમની પત્નીઓએ તેમને તેમ કરતા અટકાવ્યા, તથા ગ્રહસ્થાશ્રમના સંપૂર્ણ વૈભવ અને સુખને અર્થે રાજદાન સ્વીકારવા તેમને સમજાવ્યા, જેથી તેઓએ પોતાના પત્ની તથા બાળકોના સુખની ખાતર દાનનો સ્વીકાર કરવાની ઇચ્છા બતાવતાં અતિ પ્રસન્ન થયેલ ભૂપતિએ તેમને શ્રીસ્થળ તથા તેની આસપાસના ગામો, દ્રવ્યથી ભરેલ સુવર્ણ પાત્રો, તથા સાલંકૃત ગાયો વીગેરે વિપુલ સમૃદ્ધિ તેમને અર્પણ કરી સર્વેને સંતુષ્ટ કર્યા. આ પ્રમાણે ઉપરોક્ત બ્રાહ્મણો પૈકી જેમણે રાજદાનનો સ્વીકાર કર્યો તે એક હજાર બ્રાહ્મણો ઉદિચ્ય સહસ્ત્ર કહેવાયા. અને કેટલાક બ્રાહ્મણો કે જેઓ પોતાના સંકલ્પમા અડગ રહી રાજદાનનો પ્રતિગૃહ ન કર્યો તેઓ ટોળકીયા કહેવાયા. જે બ્રાહ્મણોને સિદ્ધક્ષેત્ર અને તેની આસપાસના ગ્રામો દાનમાં મળ્યાં તેઓ સિદ્ધપુર સંપ્રદાયના અને જેમને સૌરાષ્ટ્ર દેશમાં સિહોર નામનું પવિત્ર સ્થળ તથા તેની પાસેનો પ્રદેશ મળેલો તેઓ સિહોર સંપ્રદાયના બ્રાહ્મણો કહેવાય છે. વર્તમાન સમયમાં પણ તેજ મહર્ષિઓનાં વંશજો ઉકત સ્થળોમાં વસે છે.

બ્રાહ્મણોને દાન આપી અતિ પ્રસન્ન થએલ ભૂપતિએ પછી તે ભૂદેવોની સલાહથી કુમારિકાના તટપર એક વિશાળ તથા પૃથ્વીના અલંકારરૂપ અદ્વિતિય મહાલય બાંધવાનો નિશ્ચય કર્યો. અને જ્યોતિષિ વિદ્યામા અતિ નિષ્ણાત, ભારત માર્તંડ ઉદ્દડ જોષીને મરૂ ભુમિમાંથી (મારવાડમાંથી) બોલાવી અભિજીત્ નક્ષત્રમાં ઉકત મહાલયનું ખાત મુહુર્ત કર્યું. ભૂગર્ભમાં (જમીનમાં) કાષ્ટ સ્તંભ ઠોકતાં શેષનાગના મસ્તકપર તે આવેલ છે જેથી આ મહાલય ચીરકાર પર્યન્ત અખંડિત રહેશે. એવી જોષીની ભવિષ્ય વાણી સાંભળી, અન્ય બ્રાહ્મણોને તથા રાજાને તેમના કથનમાં આશ્ચર્ય તથા શંકા થઇ જેથી ખૂંટી પાછી કાઢી જોતા તેનો અગ્રભાગ લોહીથી ખરડાએલો માલૂમ પડયો. પુનઃ ખૂટી બેસારતા તે શેષનાગના પૂચ્છભાગપર આવેલ છે જેથી આ મહાલય ચીરકાળ ન રહેતા કેટલાક સમય પછી મ્લેચ્છોના હસ્તથી ખંડિત થશે એમ જણાવ્યું. પોતાની મૂર્ખતા તથા કુશંકાને લીધે આવું

અનિષ્ટ પરિણામ પ્રાપ્ત થયું તેને માટે રાજાને અતિ શોક થયો, પરંતુ વિધિના વિધાનને અન્યથા કરવા કોઇ સમર્થ નથી એમ માની જગતના ભિન્ન ભિન્ન પ્રદેશમાથી અતિ કુશળ અને વિખ્યાત કારીગરોને બોલાવી ઉક્ત મહાલયનો પ્રારંભ કર્યો. પણ અલ્પ સમયમાં દાનવીર ગુર્જરાધિપતિ મૂળરાજનું સ્વર્ગારોહણ થવાથી આ મહાલય અપૂર્ણ રહ્યો. મૂળરાજ પછીના કેટલાક રાજાઓએ તે તરફ લક્ષ્ય આપ્યું નહિ. પરંતુ સોલંકીવંશના શીરોમણિ અને લોકોપયોગી કાર્યો માટે ચીર સ્મરણીય માહારાજા સિદ્ધરાજજયસિંહ અગર સધરાજેસંગ એ નામથી સુપ્રસિધ્ધ મહિપતિએ અતિ મનોહર અને દીવ્ય મહાલયની અપાર દ્રવ્ય ખર્ચી પૂર્ણાહુતિ કરી, ઉક્ત મહાલયની જાહોજલાલી સો વર્ષ પર્યંત રહી ગુજરાતના છેલ્લા રાજા કરણ વાઘેલા અગર પોતાના અવિચારી કૃત્યોથી પ્રસિદ્ધ થયેલ કરણઘેલાના સમયમા કરણ રાજાના અતિ ચાંડાલ કૃત્યથી ક્રોધિત થયેલ પ્રધાન માધવે પોતાના વૈર લેવાની કાર્ય સિધ્ધિ માટે દીલ્હીપતિ અલાઉદીન ખીલજી અગર પોતાની અમાનુષિક ક્રુરતાથી અલાઉદીન ખૂની એ નામે ઇતિહાસમાં જાણીતો થયેલ બાદશાહને બોલાવી લાવી મહાન યુધ્ધ મચાવ્યું જેમા રાજાના સમસ્ત પરિવાર સાથે ગુર્જર ભૂમિનું બલિદાન અપાયું. તે ઘોર કૃત્યના કરનાર બાદશાહે સિધ્ધક્ષેત્રના પવિત્ર સ્થળને દુષિત કરી અને સૃષ્ટિના સૌંદર્ય રૂપ મહાલયનો ધ્વંસ કરી મૂર્તિ ભંજકનું કલંકિત નામ ઇતિહાસ પૃષ્ટમા રાખી ગયો. રૂદ્ર મહાલયની પૂર્ણાહુતિ ઇસ્વી સને ૧૨૦૨ મા અને ઉચ્છેદ ૧૩૦૭ મા થયેલ ગણાય છે.

દર્શનીય સ્થળો.

વિશણુપાદોદકી ગંગાજીના કરતા પણ પ્રાચીન પુણ્ય સલીલા બ્રહ્મતનયા સરસ્વતીનો સમસ્ત પ્રદેશ પવિત્ર અને પાપ નાશક છે તથાપિ સીદ્ધક્ષેત્રથી પાંચ ગાઉની અંતરનો ભાગ અતિ પવિત્ર અને તીર્થરૂપ છે. કારણ તે પ્રદેશ સૃષ્ટિના સર્જન કાળથી આજદિન સુધી અનેક ઋષિઓ તથા સિદ્ધના તૃપશ્ચરણ તથા યોગક્રિયાથી પુનિત થયેલ છે. અને તેમાં પ્રસિધ્ધ તેમજ અપ્રસિધ્ધ અનેક તીર્થો આવેલા છે. જેથી જેમ કાશીની પંચક્રોશી થાય છે, તેમજ આ ક્ષેત્રની પણ પંચક્રોશીનું અત્યંત મહાત્મ્ય છે. કોઇપણ સમયે પરંતુ વિશેષે કરી સાયંપ્રાતઃકાળે સરસ્વતીના કિનારાપર ઉભા રહી ચારે તરફ દ્રષ્ટિ ફેંકતાં અતિ રમ્ય અને હૃદયસ્પર્શી દ્રષ્ય ચક્ષુને આકર્ષે છે. ઉભય તટપર લીલી હરિઆળી ભૂમિ, વૃક્ષોની ઘેરી ગહન ઘટા તેમા દ્રષ્ટિ-

ગોચર થતાં દેવાલયોના શ્વેત શૃંગો ઘેરી નીલવર્ણી સાડીમાં રૂપેરી ટપકાં પાડયાં હોય તેવો દ્રશ્ય જણાય છે. ઉંચે વિવિધ રંગી વિશાળ આકાશ તેમાં ફરકતા શિવાલયોના ભગવા ઝુંડા તથા આરતી સમયના શંખ અને ભેરીનો નાદ, અનેક રંગી માયાના વિશ્વમા પરમ વિરાગી યોગેશ્વર મહાદેવનું વિજય ચીન્હ સૂચવે છે. તે સ્થળોમાં વાસ કરતા શિવભક્તો તથા સાધુ જનોને વિશ્વની ઉપાધિમાથી મહેશ્વરના વરદ હસ્તથી નિર્ભયતા પ્રાપ્ત થઇ હોય તેવો ખ્યાલ આવે છે.

નગરથી આશરે બે માઇલને અંતરે સરસ્વતીના વહન માર્ગમાં પૂર્વ તરફથી માહાદેવ તથા બીજા દેવોના મંદિરોનો પ્રારંભ થાય છે. તેમાં પ્રથમ ચંપકેશ્વર માહાદેવનું સ્થાન છે તે શિવલીંગ સ્થાપિત છે. તેની સ્થાપના આધુનિક છે. શિવાલય નાનું પણ સરસ્વતીના પ્રવાહપર એકાન્ત સ્થળમા ઉચી ટેકરીપર આવેલુ છે. જયાથી ચોતરફનો દેખાવ અતિ મનોહર જણાય છે. સ્થળ નિર્જન્ય તથા ઉપાધિ રહિત હોઇ યોગ, ભક્તિને માટે અનુકુળ છે. કેટલાક ભાવિકજનો નિત્યપ્રતિ શિવનું પુજન અર્ચન કરે છે. કોઇ વખત ફરતા સાધુ સંતો ત્યા નિવાસ કરે છે. અને ગામમાથી ભિક્ષા લાવી ઉદર નિર્વાહ ચલાવે છે. તથા મહાદેવની સેવા કરે છે. ત્યાંથી કેટલાક અંતરે નગર તરફ આવતાં સ્વયંભૂ અરવડેશ્વર મહાદેવનું પુરાણ પ્રસિદ્ધ સ્થાન આવેલું છે. ત્યાનું સૃષ્ટિસૌંદર્ય અનુપમ છે. ફલફુલથી સગર્ભ થયેલ પૃથ્વી, સરસ્વતીના વહનનો કિલકિલનાદ, વૃક્ષોની ઘાડીઝાડી, તેમાં વાસ કરતાં પક્ષીઓનો મધુરસ્વર, પૂજન કરતા બ્રાહ્મણોનો વેદ ધ્વનિ, નિશા સમયે રજનીકાન્ત ચંદ્રના ધવલ કિરણોથી રૂપેરી રસે રસેલું વન, વિશાળ વ્યોમમાં થતું નક્ષત્ર દર્શન, આ સર્વ જગતની ઉપાધિથી વ્યથિત આત્માને અપૂર્વ શાન્તિ અર્પે છે. પૂર્વકાળના ઋષિ મુનિઓના આશ્રમનું ભાન કરાવતું આ સ્થાન ઇશ્વરો પાસનાને માટે સર્વ રીતે સાનુકુળ છે. કાળના વહન સાથે તેની સ્થીતિમા પરિવર્તન થયેલું જણાય છે. નૈસર્ગિક સોભાનું સ્થાન જમાનાને અનુસરતી માનવ હૃદયમાથી ઉદ્દભવેલી કર્ત્રિમતા લેતી જણાય છે. બીલીના પવિત્ર વૃક્ષોથી આચ્છાદિત સાદુ દેવાલય હાલમાં રંગ બેરંગી આરસોથી શુસોભિત કરેલું છે. તરૂઓની ગહન ઝાડીના સ્થાને વસવા લાયક કોટડીઓ નાગરિક શ્રીમંતોએ બનાવેલી છે. તરૂલતાઓની જગાએ કંઇ કંઇ પુષ્પ છોડ ઉગેલા છે. ત્યાંથી નગર તરફના માર્ગમાં પ્રવાહપર "હિંગલાજ માતાનું" સ્થાનક છે. માતાનું દેવાલય નાનું સાદુ અને સુઘડ છે. તે ખત્રીઓની કુળદેવી છે. સ્થાન પ્રાચીન જણાય છે. દેવાલય

પાછળ લીમડાની શીતળ છાયાથી આચ્છાદિત છાબંધ મોટો ચોક અને એક ભોંયરા વાળી કોટડી છે. જે દેવની સાધવાની અપેક્ષાવાળા સાધક તથા હઠયોગીને માટે લાયક છે. પાછળ એોસાઇને દાટવાનું સ્થાન છે અને પાસે આમ્રવૃક્ષોની સુંદર વાટીકા છે જેથી આ જગા ભયાનક હોવા છતાં રમણીય દેખાય છે.

નગરના સન્મુખ ભાગમા સરસ્વતીના પ્રવાહપર શ્રી બ્રહ્માડેશ્વર મહાદેવનું વિશાળ અને સુશોભીત સ્થાન છે. શિવલીગ સ્વયંભૂ અને પ્રાચીન છે. સરસ્વતી માહાત્મ્યમા તેનો મહિમા ઘણો વર્ણવેલો છે. સરસ્વતીમાં સ્નાન કરી આ મહાદેવનું પુજન દર્શન કરવાથી મનુષ્યના જન્મના પાપો નષ્ટ થાય છે. દેવાલય તથા તેની આસપાસની ધર્મશાળાએો આધુનીક જણાય છે. મહાદેવના પુજન અર્ચન તથા નૈવેદ્યની વ્યવસ્થા રાજભારથીના મઠ તરફથી થાય છે. નિત્ય પ્રતિ વેદોક્ત વિધિથી રાજોપચાર પૂજન કરવામાં આવે છે. મહાદેવની સેવામા એક વેદપાઠી બ્રાહ્મણ અને તપોધનની યોજનાઉક્તમઠ તરફથી કરવામા આવેલી છે. તદુપરાત નગરના નિત્ય નિયમવાળા બ્રાહ્મણો તથા અનેક ભાવિકજનો પુજન દર્શન માટે જાય છે. કેટલાકસાધુ સન્તો પણ ત્યાં નિવાસ કરી રહે છે. સાયંકાળે આરતિ સમયે મઠના મહંત અને બીજા બાવાએો તથા નગરજનો ત્યાં જાય છે. તે વખતનો તે સ્થળનો દેખાવ અતિ આકર્ષક લાગે છે. ઘૃત દિપકોની જ્યોતથી જળહળીત મંદિર દિવ્ય ધૂપથી સૌગંધિત વાતાવરણ ભક્તોના અંતર હૃદયમાંથી નીકળતી શ્રદ્ધા ભક્તિ યુક્ત આરતીના સંગિત સાથે મળી જતા ઘંટાના તાળ ચારે તરફ વૃક્ષોને ઘેરી ઘડી કોઇ દીવ્ય ભૂમીનું દર્શન કરાવે છે.

તેની સમીપમાં સવિતા નારાયણના રથ આગળ ચાલતા વાલ્ખીલ્ય રૂષીએોએ પ્રથમ તપ કરેલ ભૂમિ હાલમાં તેના અપભ્રંશ શબ્દ વાલ્કેશ્વર માહાદેવથી પ્રસિદ્ધ છે. શિવલીંગ પુરાણું છે, અને મંદિરનો જીર્ણોદ્ધાર કરેલો જણાય છે. આ જગ્યામાં એક પુરાતની કુંડ છે જે હાલમાં પુરાઇ ગયેલો છે. આ જગામાં પુરી બાવાએોની ગદ્દી છે તે બાવાએો અગાઉ પ્રબલ, અને સત્તાધારી અને ધનિક હતા. પરંતુ હાલમાં તેએો મનુષ્ય તથા ધનથી ધસાઇ ગયેલા છે. મહંત પાસે કેટલીક જાગીર છે. તેમના તરફથી મહાદેવનું પુજન અર્ચન થાય છે. ગદ્દીની બહારના ભાગમાં ગુરૂદત્તનાં પગલાં છે. બાવા નિત્ય ભક્તિ ભાવથી પૂજા સેવા કરે છે. કાર્તિક સુદી-૧૪ ના રોજ

મોટા ઠાઠથી તેનો વરઘોડો નીકળે છે. તેમાં મેળામાં આવેલ સઘળા ગોસાંઈ તથા સાધુઓ ભાગ લેછે.

ગઢીની નજીક સરસ્વતીના કિનારાના ભાગમા કિલ્લેબંધીવાળો રાજભારથીનો મઠ છે. જે કેટલાક સમયથી જાહોજલાલી ભોગવે છે. મહંતની હવેલી તથા કચેરીના મકાન ભવ્ય અને સુંદર હોઈ છેટેથી કોઈ નાના રાજાના મહેલ સરિખાં દેખાય છે. રાજભારથી બાવા પરાક્રમશીલ થઇ ગયા છે. તેમણે શ્રીમંત ગાયકવાડ સરકારને તન તથા ધનથી મદદ કરેલી તેના બદલામા તેમને કુંવારા ગામ વતનમાં મળેલ છે. પાલણપુર દરબાર તરફથી પણ કેટલાક ગામ ઇનાયત કરવામા આવેલાં છે. તે ઉપરાંત મોટી જાગીર પણ છે. મઠનો વૈભવ તથા ઠાઠ એક રજવાડા જેવો છે. વ્યવસ્થા માટે કારભારી, કારકુનો, પટાવાળા તથા શસ્ત્રધારી સિપાઇઓની યોજના કરવામા આવેલ છે. બાવાઓ બ્રહ્મચારી હોઇ ઇશ્વરોપાસનામાં જીવન વ્યતિત કરે છે. કેટલાક બાવાઓ કાળ પ્રભાવથી ધીરધારનો ધંધો કરી ધન સંચય પણ કરે છે પરંતુ તેનો સદુપયોગ વારંવાર થયા કરે છે. મઠમાં સારા ઘોડા, ગાયો, ભેંસો, બકરા, વગેરે પશુઓ મોટા પ્રમાણમા રાખવામાં આવે છે. સઘળા બાવાઓનું રસોડું એકજ રાખવામાં આવેલું છે. અને જગા તરફથી સર્વની ભોજન વ્યવસ્થા કરેલી છે. તે ઉપરાંત ઘણા ગરીબોને રોજ સવાર સાજ ભોજન કરાવવામા આવે છે. તથા બ્રાહ્મણ, ભાટ, યાચક, અને કોઈ કલાધરને ધનની સારી સહાય આપવામાં આવે છે. અતિથિ સત્કાર માટે આ સ્થાન એક આદર્શરૂપ છે. કોઇપણ અજાણ્યા અગર જાણીતા પથિકનો ઉત્તમ રીતે સત્કાર કરવામા આવે છે. રાજના નાના મોટા અમલદારો વારંવાર આ સ્થાનનું આતિથ્ય ગ્રહણ કરે છે. હાલના મહંત શ્રીગંગાભારથી એક સત્યરીત્ર પુરૂષ હોઈ સાધુજીવન ગાળનાર છે. તેઓ પરોપકાર તથા દેશહિતના કાર્યમા ખુલ્લે હાથે મદદ કરે છે. તેમના શુભ કાર્યોની કદર કરી શ્રીમંત સરકારે રાજ રત્નનો માનવંતો ખિતાબ અર્પણ કરેલ છે. સિદ્ધપુરમાં પહેલ વહેલો રાજરત્નનો ઇલકાબ મેળવનાર મહંત શ્રી ગંગાભારથીજી છે. તેઓ પોતાની નાની વયમાંથીજ વૈરાગ્યશીલ હોઇ સાધુજીવનની એક આદર્શ મુર્તી છે.

મઠની પાસે અને સરસ્વતીના સામે કિનારે પથ્થરના ઓવારાપર એક મજબુત કિલ્લા સદ્રશ વિશાળ મકાન દ્રષ્ટિગોચર થાય છે. તે હોલ્કર સરકારની મહારાણી અહલ્યાબાઇએ બંધાવેલ છે. કેવળપુરીની જગાના નામથી

પ્રસિદ્ધ છે. તેના સંબંધી ઐતિહાસિક વૃતાન્ત અદ્દભુત છે. મહારાણી પુત્ર પ્રાપ્તીને અર્થે લિંગપુજન માટે કોઇ યોગ્ય પુરૂષની શોધમાં ફરતાં આ સ્થળમાં આવેલાં તે વખતે કાર્તિકી પુર્ણિમાનો ત્રિવેણી સંગમનો મહિમાનો મેળો ભરાયેલો હતો. મેળામા હિંદુસ્તાનના ભિન્ન ભિન્ન ભાગોમાથી અનેક યાત્રાળુઓ તથા સાધુ સન્તોની જમાત આવે છે. તેમાં કેવળપુરી નામના એક અવધૂત યોગી જે પરબ્રહ્મ સાથે તદ્રુપ સ્થિતિમાં હોઈ જગતમાં ચિતભ્રમ દશામાં વિહારતા હતા. મહારાણીએ કોઇ બ્રહ્મનિષ્ટ મહાત્માની સાધુઓની જમાતમા પ્રચ્છા કરતા કોઇએ ઉપહાસના સ્વરૂપમા મહાત્મા કેવળપુરીની ખબર આપી જેથી તેમને શોધી કાઢી રાણીએ પોતાની આતરિક ઇચ્છા દર્શાવી. સર્વજ્ઞ એવા તે મહાત્માએ ઉપહાસને સત્ય સ્વરૂપમાં ફેરવી નાખવાની ખાતર રાણીની માગણી કબુલ કરી. રાણીના અનુપમ સૌન્દર્યથી મહાત્માને મોહ ન થાય તે ખાતર શસ્ત્રધારી સિપાઈઓની ગોઠવણ કરી રાખી હતી. નિર્વિકારી મહાત્માએ પોતાની ગુહ્યેન્દ્રિયને રજ્જુ (દોરડી) માફક ખેંચી રાણીને યથાવિધિ પુજન કરાવ્યું. આવા પરંતપ મહાત્માની સિદ્ધિથી ચકિત થયેલ રાણીએ તેમને ઇચ્છિત ઉપહાર આપવા ઇચ્છા દર્શાવી. પરંતુ સમસ્ત જગતની લક્ષ્મીને તુચ્છ ગણનાર તે મહાત્માએ તેનો અનાદર કર્યો જેથી તેમના સ્મરણાર્થે આ વિશાળ અને સુદ્રઢ મકાન બંધાવ્યું જે અદ્યાપિ તેજ સ્થીતિમા કાયમ છે તેની અંદરના ભાગમાં એક શિવાલય તથા હનુમાન અને ભૈરવની રૌદ્ર મૂર્તિઓ છે. તેની આગળ વિશાળ ચોક છે આગળના દર્શનીય ભાગમા ગણપતિની એક આકર્ષક મૂર્તિ સ્થાપિત છે જેને માટે લોકોકિત એવી છે કે જો સરસ્વતીમાં અથાગ જળ આવે ને તે ગણપતિની મુર્તિની નાભીને અડકે તો તે જળ પ્રલયથી નગરનો નાશ થાય એટલું તે સ્થાન જમીનથી ઉંચે છે. પૂર્ણિમાના મેળા વખતે બહાર ગામથી આવનાર પુરી બાવાઓની જમાતનો ત્યાં મુકામ થાય છે. નગરજનો માટે પણ બ્રહ્મભોજન વીગેરે કાર્યમાં તેનો ઉપયોગ થાય છે. અવરનવર સાધુ વેરાગી તેમાં રહે છે તથા દેવોનું પુજન વીગેરે કરે છે.

શહેરથી એક માઇલિને અંતરે સરસ્વતીના સામા કિનારાના તરફ સહસ્રકળા માતાનું સ્થાન છે. માતાની મૂર્તિ ન હોતા ઉગ્રપીઠ છે. સ્થાન એકાન્તમાં વટવૃક્ષોની ઘટામાં છે. દેવાલય નાનું પણ સુંદર બાંધણીનું છે. વટેમાર્ગુઓને આશ્રય સ્થાન તરીકે પથ્થરની એક મોટી ધર્મશાળા તથા કુવો છે. નવરાત્રીના દિવસોમા અષ્ટમીના દિવસે અહી મોટો મેળો ભરાય છે. સાધુ સંતોને માટે આ સ્થાન ઘણુજ યોગ્ય છે. કોઇક શુભ પ્રસંગે

લોકો અહી જાય છે અને બ્રહ્મભોજન વીગેરે કરે છે. ભાદરવા સુદ ૧૪ અને પુનેમે અહિં દેવીભક્ત બ્રાહ્મણો ભવાઇ કરે છે. આ દેવીની અનન્ય ભાવથી સેવા કરવાથી મનના મનોરથ સિદ્ધ થાય છે.

સિધપુરથી પશ્ચિમ દિશામા ત્રણ ગાઉને અંતરે સરસ્વતીના તટપર પુરાણ પ્રસિદ્ધ મહાત્મા દધિચિ ઋષિ કે જેમણે દેવહિતાર્થે આત્માને વિસર્જન કર્યો હતો, તેમનો પવિત્ર આશ્રમ આવેલો છે તે સમયને યુગયુગાંતર થઇ ગયા. દરમ્યાનમા પ્રકૃતિમા અનેક અવનવા ફેરફારો પણ થઇ ગયા છતા તે સ્થાન હજુ પોતાની પુર્ણ પવિત્રતા અને રમ્યતા સાચવી રહ્યું છે અને તે પુણ્ય શ્લોક મહાત્માનું સ્મરણ તાજુ કરાવે છે. તેની પાસે હાલમાં દેથળી નામે એક ગામ છે જે પૂર્વે દેહસ્થળી નામથી પ્રસિદ્ધ હતું. તેનાથી અર્ધ કોસને છેટે સ્વયંભૂ વટેશ્વર* મહાદેવનું પવિત્ર સ્થાનછે. ત્યાં પાડવોએ પોતાના વનવાસમા કેટલોક વખત વાસ કરેલો જેથી હાલમાં પણ તે સ્થાનમાં તેમનાં દેવાલયો છે. તેમા શિવલીગના આકારમાં તેમની પ્રતિમાઓ છે. તે શિવલીંગની યોજના દરેક બંધુના શરીર અનુસાર સ્થુળ સુક્ષ્મ બનાવવામા આવી છે. તેથી તે પ્રત્યેક લિંગનું દર્શન કરતાં પ્રથક પ્રથક બંધુનું ભાન થાય છે. આ સ્થાન ગુર્જર નરેશ કરણ અને સિદ્ધરાજના વખતમા પૂર્ણ જાહોજલાલી ભોગવતુ હતુ. ગુર્જરપતિ કરણના વડીલ બંધુ ક્ષેમરાજે વાનપ્રસ્થાશ્રમનો સ્વીકાર કરી પોતાનો રાજ્ય હક્ક પોતાના ભાઈ કરણને આપ્યો હતો જેનો પુત્ર લોકપ્રિય સિદ્ધરાજ થયો. આ સ્થાનમાં ક્ષેમરાજ પોતાની પર્ણકુટી બાંધી રહ્યો હતો. અહિયાં સુર્યકુંડ નામે પ્રસિદ્ધ કુંડ છે. જેમા સ્નાન કરવાથી મહત્ પુણ્ય થાય છે આ સ્થાન જર્જરિત થઇ જવાથી પાટણના શ્રીમંત શેઠ ખેમાતુનવાળાએ સારી રકમ ખર્ચી દેવાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે. તથા વટેમાર્ગુઓને રહેવા માટે સગવડવાળી ધર્મશાળા બંધાવી છે. આ સ્થાનમા શ્રાવણ માસમાં કૃષ્ણ જયંતીના દિવસે મોટો મેળો ભરાય છે. જ્યા આસપાસના ગામડાઓમાંથી સંખ્યાબંધ સ્ત્રી પુરૂષો આવે છે. તે વખતે મનુષ્યોની મોટી મેદની અશ્વ તથા બીજા વાહનોનું પ્રદર્શન અને ખાદ્ય પદાર્થોની દુકાનોની શોભા અલ્પ સમયને માટે જંગલમા મંગળ કરી મૂકે છે.

ત્યારબાદ રમ્ય દેવતાઓમા શ્રી સરસ્વતીના ઘાટ ઉપર સતીનાં દેહેરાં છે. ત્યાંથી થોડેક છેટે મુબાઇના શેઠીયાએ શ્રી સરસ્વતીનું મંદિર બંધાવેલું

*બ્રાહ્મણ બાળકોને ઉપવિત સંસ્કાર થયા પછી અત્રેના વસ્તા રૂષિમુનિઓ પાસે રાખવામા આવતા તેથી મહાદેવનું નામ બટુકેશ્વર પણ છે.

છે. જેના અંગે જાત્રાળુઓને ઉતરવા માટે ધર્મશાળાની સાનુકુળતા સારી છે, ઉપલી શેરી આગળ શ્રી નીલકંઠેશ્વર મહાદેવનું અતી રમણીય સ્થાન ચારે છે. પહોર ચોવઠીયા વાગ્યા કરે છે. લક્ષ્મિજીની પોળમાં અતિ પુરાતની શ્રી લક્ષ્મી નારાયણની દીવ્ય મુર્તિ છે. જેની પુજા સેવા ઉનેવાળ બ્રાહ્મણો કરે છે. જુની કચેરી પાસે અત્રેના વણીક કોમમાંથી મુળીબાઇએ શ્રી રાધાકૃષ્ણનું મંદીર બંધાવી પોતાના પૈસાનો સદુપયોગ કરી પોતાનું નામ અમર કરી ગયા છે. હાલમા તે મંદીરના ત્રસ્ટીઓ દ્વારા કામ ચાલે છે. તેમાં હાલમાં કલકત્તામા રહેતા. શેઠ. ગોરધનદાસ ભાઇચંદદાસ મંદીરમાં દેખરેખ રાખી સારી વ્યવસ્થા રાખે છે. ત્રસ્ટીઓ ઉમંગી છે એટલે વ્યવસ્થા સારી રહેશે એવી આશા છે. સામે શ્રી રણછોડરાયની ઘનશ્યામ અલૌકીક મુર્તિ છે. હાલમા તે મંદીર દક્ષણી લોકોના તાબામા છે ને હાલમાં દીનકરરાવ કૃષ્ણભટ મંદીરની પૂજા સારી રીતે કરે છે. અહીં શ્રાવણ વદી ૧ થી ભજન સપ્તાહ દરસાલ થાય છે. આ મંદીરમાં શ્રીમંત સરકાર તરફથી પણ વાર્ષીક વર્ષાસન મળે છે.

શ્રી રાધાકૃષ્ણના મંદીર પાસે લગભગ ત્રણવર્ષથી પંચ મુખી હનુમાનની સ્થાપના અત્રેના ઉનેવાળ બ્રાહ્મણે કરેલી છે, ને પુજા સેવા પણ તેજ કરે છે.

અત્રેની જુની વોહરા વાડમા શ્રી છબીલા હનુમાનની પુરાતની મૂર્તિ છે. રૂદ્રમાહાલયના અને છબીલા હનુમાનને ઘણુ અંતર નથી. પણ વોરા લોકોના ઘર આવવાથી હાલમા ભિન્નતા દેખાય છે.

આ શ્રી સ્થળ પોતાનો પ્રભાવ હજુ સુધી જાળવી રહ્યું છે. તેમાં અનેક સંત માહાત્માઓ આવી નીરંતર વસે છે. તેમ દરેક મંદીરમાં હરિકીર્તન, હરિ કથા વિગેરે થાય છે. હાલમા બિંદુ સરોવર પર બિરાજતા શ્રી ધનેશ્વરજી માહારાજ પણ ચૈત્ર સુદી-૯થી નામ સ્મરણ સપ્તાહ વાર્ષીક ઓચ્છવ તરીકે કરે છે.

હનુમાન ગલીને નાકે શ્રી વિષ્ણુતીર્થ સ્વામી એક વયોવૃદ્ધ અને દર્શનીય મુર્તી છે.

આ તીર્થનું જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે તો સુજ્ઞ જનોએ ગ્રંથની ઉણપતાનો દોષ ન લાવતા યત્કીંચીત જે કંઇ સેવા આપ સમક્ષ મુકી છે–તે હંસવત સ્વીકારી મને આભારી કરશો.

(સમાપ્ત.)

દર્શનીય સ્થળોનું અનુસંધાન.—

સરસ્વતીનો નગર ભણીનો કિનારો પત્થરના પગથારથી બાંધેલો છે. નદીનું વહન સતત્ એક સરખું ચાલુ ન રહેતાં ક્ષણેક્ષણે તેમાં પરિવર્તન થાય છે, જેથી કેટલીક વખત વહન જે ભાગનો ત્યાગ કરે છે. તે વર્ષોના વર્ષો લગી અવાવર પડયો રહે છે અને તે પર માટી અને કચરાનાં પુંજ થવાથી ઉંચાણવાળો ભાગ થઈ જાય છે અને તેથી તે વહનને માટે સદાને સારૂ ત્યાજ રૂપ થઇ પડે છે. આ પ્રમાણે સરસ્વતીનો ઘણો ભાગ બીન વપરાશનો થઈ પડવાથી તથા પગથાર પુરાણા સમયનો હોવાથી ઘણે ખરે ઠેકાણે તે જીર્ણ થઇ ગયો છે. તથા તેવા પત્થરો અસ્તવ્યસ્ત સ્થીતિમા પડેલા નજરે આવે છે. અને કેટલોક ભાગ તો લુપ્ત પ્રાય જેવો થઈ ગયો છે. છતા જે ભાગ વપરાશમા હોય છે ત્યા તે વ્યવસ્તિ છે ને કેટલાક જીર્ણ ભાગમાં દુરસ્તી પણ કરવામા આવેલી છે. કુમારિકાનો સમસ્ત કિનારો પ્રાચીન સમયના મહાન્ તીર્થોથી પુનિત તથા વર્તમાન સમયના ભવ્ય મકાનોથી અલંકૃત છે. પ્રાચીન તીર્થોમા હાલમા રૂદ્રમહાલયના અવશિષ્ટ ભાગ આગળ મહાલય તીર્થ, તેથી આગળ મૃગીતીર્થ કે જે ભાગ અધુના વિષ્ણુ પાદુકાના નામથી પ્રસિદ્ધ છે અને જ્યા ત્રૈવાર્ણ પ્રજાની એકાદશા ક્રિયા થતી હતી—તેથી આગળ માધુ પગથીયાના નામથી વિખ્યાત કે જ્યાંથી ભગવાન માધવનો પ્રાદુર્ભાવ થયો છે ત્યા અશ્વત્થ તીર્થ આવેલું છે હાલમા તે સ્થળે એક મોક્ષ પીપળો છે. આ ઉપરાત બીજાં અપ્રસિદ્ધ પણ તીર્થો છે. ત્યા આગળ સ્નાન, ધ્યાન, અને દાન તથા શ્રાદ્ધાદિક ક્રિયા કરવાથી અનેક પાતકી મનુષ્યો તથા પશુ પક્ષીઓનો મોક્ષ થયેલો ગણાય છે. અર્વાચિન સમયમાં તે સ્થળે શિવાલયો, પાન્થાલયો, ભજનાલયો તથા શ્રીમંતોના મકાનો એવી સુપંક્તિમાં આવી રહેલા છે કે જાણે નગર એક કિલ્લાથી પરિવિષ્ટિત હોય એવો ભાસ થાયછે. ગગનમા વિહાર કરતા દેવાલયોનાં શિખરો તથા મસ્જીદ મિનારા સૌન્દર્યનું મનોહારી દશ્ય રજુ કરે છે. તે કિનારાનો પ્રારંભ પસવાદળની પોળના નામથી જાણીતા દુર્ગના મજબુત દરવાજાથી થાય છે તે પછી પૂર્વ વર્ણિત રૂદ્ર મહાલયનું જીર્ણસ્થાન, ગણપતિ ઘાટ આગળ યાત્રાળુઓને ઉતરવાની ભાટીયાની ધર્મશાળા તથા ગાયકવાડ સરકારે પોતાના તીર્થગોરને બંધાવી આપેલી હવેલી ભવ્ય હવેલી–અને તેની પાસે બાવાજીની વાડી તથા નાગર લોકોના ઇષ્ટ દેવ હાટકેશ્વર મહાદેવ અને ભૂતનાથનું દેવાલય છે. તેની નજીક સતીનાં દહેરાં છે જ્યાં બાંધેલા ઘાટની સમાપ્તિ થાય છે.

બાવાજીની વાડી તે એક મજબુત કિલ્લાવાળુ વિશાળ સ્થાન છે. પહેલાં ત્યા મુસલમાનોનું કબ્રસ્તાન હતું પરંતુ ગાયકવાડ સરકારના એકાદ, સૈકાપર થઈ ગયેલ પ્રબળ અને સુપ્રસિદ્ધ દીવાન રાવજી આપાજી અને બાબાજી આપાજીએ બંધુહૃદયમાના બાબાજીએ આ પવિત્ર સ્થાનને મ્લેચ્છોની કબરોથી દુષિત થયેલું જોઈ તે સ્થળે કબરોને કાઢી નાખી પુષ્કળ દ્રવ્ય ખર્ચી ઉક્ત વિસ્તીર્ણ જગા બંધાવી તેની મધ્યમા એક ભવ્ય શિવાલય તૈયાર કરાવી તેમાં સિદ્ધેશ્વર મહાદેવની સ્થાપના કરી. શિવાલય સન્મુખના દેવાલયમાં નન્દીની આકર્ષિક મૂર્તિ સ્થાપિત છે. બાકીના ભાગમા ચોતરફ ધર્મશાળા તથા વસવાલાયક મકાનો છે. આ જગાની રચના અને બાંધણી એટલી બધી સુંદર અને સુવ્યવસ્થિત છે કે તે તેના કર્તાના ઉદાત્ત આશય અને બુદ્ધિમત્તાનો સહજ ખ્યાલ આવે છે. સ્થાન નિરંતર સર્વપ્રજાને અનેક ઉપયોગમાં આવે છે. આવું બીજું સ્થાન નર્મદા કિનારે કરનાળી ક્ષેત્રમાં છે, જે બાંધણીઆ સાદશ્યપણાથી તુર્ત ઓળખાઇ આવે છે. નરવીર બાબાજીએ આવા સ્થાનોના પ્રબંધથી પોતાનું નામ જગતમા ચીરસ્મરણીય કર્યું છે. મહાદેવની ઉત્તમ પ્રકારે અને પૂર્ણ વૈભવથી પૂજા સેવા તથા નૈવેદ્યની યોજના માટે તેમણે સ્વબળથી મેળવેલ એક ગામ અર્પણ કર્યુ હતું જેની ઉત્પન્નમાથી નિત્ય પ્રતિ મહાદેવની રાજશાહી ઠાઠથી સેવા થતી–સંસ્થાનમાં રજવાડી વૈભવ રહેતો. દરવાજાપર વાગતા ચોઘડીઆનો ચોતરફ વાતાવરણમા ગુંજાયમાન થતો ધ્વનિ સંગીતપ્રિય કર્ણને આલ્હાદક થઇ પડતો. પરંતુ સરકારે તે ગામ જપ્ત કરવાથી તેમજ સંસ્થાન નિભાવ સારૂ ઠરાવેલ વર્ષાસનમાથી પણ ઉત્તરોત્તર કમી થવાથી હાલમાં તો યોગેશ્વર મહાદેવને **યથા લાભ સંતોષ** એ ન્યાયે જે મળે તેમાં સંતુષ્ટ રહેવું પડે છે. નિવાસ સ્થાનોના ભાડાની ઉપજ સરકારને ઠીક થાય છે.

હાટકેશ્વર—મહાદેવ એ મુત્સદીવર્ગમા ગણાતા તથા પોતાની બુદ્ધિ ચાતુર્ય વડે રાજ્યમા ઉચ્ચ અધિકાર ભોગવતા નાગર કોમના ઇષ્ટદેવ છે. આ સ્થાન–પાટણના નાગરો કે જેમનું ઘણા સમય સુધી આ નગરમાં વર્ચસ્વ તથા આધિપત્ય રહેલું તેમના તરફથી બંધાવવામા આવેલ છે. સ્થાનની આંતરિક તથા બાહિરિક રચના અને બાંધણી લગભગ બાવાજીની વાડીને અનુરૂપ છે. કેટલાક ભાગમાં દુકાનો તથા વસવા લાયક મકાન છે. જેના ભાડામાંથી મહાદેવની સેવાની વ્યવસ્થા સારી રીતે થાય છે. આ સ્થાનનો પણ વપરાશ સાર્વજનિક ઉપયોગમા ઘણો થાય છે. તેની દેખરેખ તથા

વ્યવસ્થા અમે વસતા નાગર ગૃહસ્થના હસ્તગત છે. ઉક્ત બે સ્થળો એવાં સુયોગ્ય સ્થાને આવેલા છે કે જે રાયથી રંક પર્યન્તનાં સર્વ સ્થીતિનાં સર્વ મનુષ્યોને એક સરખી રીતે આશ્રય સ્થાન રૂપ થઇ પડે છે. કાર્તિકી પુર્ણિમાના મેળા પ્રસંગે આ બે સ્થાનો જન વૃન્દથી જીવન્ત થયેલાં ભાસે છે.

પ્રાયશઃસઘળા શિવાલયોની રચના અને સ્થાન એવા સુઘટીત હોય છે કે તેમાં ઇતર મંદિર માફક સેવાની એકદેશીય ભાવના નહિ પરંતુ લોકો પ્રકારની સર્વદેશીય વિશાળ અને ઔદાર્ય પૂર્ણ ભાવના ઝળહળી રહેલી હોય છે.

ભૂતનાથનું દેવાલય ઉચ્ચ સ્થાને પણ ઘાટીલું તેના નામાભિધાન પ્રમાણે યોગ્ય સ્થળે આવેલું છે કારણ મનુષ્યોનું અંતિમ આશ્રય સ્થાન સ્મશાન તેની સમીપવર્તી જગામા છે. શિવાલયની બાંધણી મંદિર કરતાં મસ્જીદને વધારે મળતી આવે છે જેથી મુસલમાની અમલમાં તે બંધાયું હોય તેવી કલ્પના થાય છે.

શિવલિંગ સ્થાપિત છે પરંતુ તેની અન્યન્ય ભાવથી સેવાનો લાભ અકલ્પનીય છે. જેના દાખલા લોકોની સ્મૃતિમા મોજુદ છે.

સતીના દહેરા—તે કેટલાક કાલ પૂર્વે આ સ્થળે મૃત પતિ પાછળ સહગમન કરવા ઇચ્છતી એક ગંગાબાઇ નામની સાધ્વી સ્રીએ ચિતામાં પ્રવેશ કરેલો તેના સ્મરણાર્થે શિવાલયોનું વૃન્દ છે–જે જીર્ણ થવાથી કલકત્તાના એક મારવાડી શ્રીમન્તે તેનો જીર્ણોદ્ધાર સાતેક વર્ષ પર કરાવ્યો છે. અને આગળ પગથાર બાંધ્યો છે.

સરસ્વતી મંદિર—જલરૂપ નિરાકાર સરસ્વતીના અવગાહનથી પુનિત થયા પછી હંસવાહિની, વીણાધારિણી બ્રહ્મતનયા સરસ્વતીના સત્કાર દર્શનનો લાભ મનુષ્યોને થાય છે. આ મંદિર સુરત નિવાસી તાપીદાસ શેઠે દેવીની પ્રેરણાથી પચીસેક વર્ષ થયા બંધાવ્યુ છે. મંદિર વિશાળ અને રાજમાર્ગપર વર્તમાન સમયની મનુષ્ય ભાવનાને અનુરૂપ સગવડ યુક્ત છે. દેવીની પ્રતિપલાવણ્યમયી અને મનોહારી છે. સેવા માટે એક બ્રાહ્મણની યોજના કરેલી છે અને તેનો ખર્ચ બહારના ભાગમા કાઢેલ દુકાનના ભાડાની રકમ તથા માલિક તરફથી મોકલવામા આવતી રકમમાંથી થાય છે. તેની પાસે યાત્રાળુઓને ઉતરવા માટે તેજ શેઠ તરફથી બંધાવેલ સરસ્વતીની ધર્મશાળા નામે જાણીતી એક ધર્મશાળા છે. જે સગવડ વાળી હોઈ લોકોને ઘણી

ઉપયોગી થઇ પડે છે. મંદિર તથા ધર્મશાળાની વ્યવસ્થા અત્રેના એક કુશળ શેઠના હસ્તક છે.

નગરના મધ્યસ્થ ભાગમાં ગ્રામ્ય દેવતા ગોવિંદમાધવ અને રણછોડજી તથા રાધાકૃષ્ણના સુશોભિત અને ભવ્ય મંદિરો છે. ગોવિદ માધવના મંદિરનું તથા ગોવિદરાય અને માધવરાયના પ્રાકૃટયનુ વર્ણન અગાઉ જણાવેલુ છે.

રણછોડજીના મંદિરની બાંધણી સઘળે સ્થળે એકજ સરખી જણાતી દક્ષિણ્યાત પદ્ધત્તની છે. તે સુમારે સો વર્ષપર વડોદરાના એક દક્ષણિ અમલદાર કરકરે તરફથી બંધાવામા આવ્યું હતુ. કરકરે પાટણ ટપ્પાના મામલતદાર હતા; તે વખત અમલદારોની સત્તા વિશેષ હતી તેઓ સિદ્ધપુર આગળ થઇ કોઇ ગામે નિમતાણું લેવા જતા હતા. ત્યાં સરસ્વતીના પ્રવાહ પંથમાં હીગલાજ માતા આગળ તેમના અશ્વની એડીના કોઇ ભુગર્ભમાં ગુપ્ત વસ્તુનો સ્પર્શ થયો જેથી અશ્વનો વેગ ત્યા અટકયો. ઘણા પ્રયાસો કરવા છતા અશ્વ ત્યાંથી એક તસુપણ ખસ્યો નહિ જેથી તેમણે નીચે ઉતરી તે ગોપનીય વસ્તુની શોધ કરવા માડી. અને જમીન ખોદાવતા તેમાથી ભગવાન રણછોડરાયની શ્યામલ અને તેજસ્વી મૂર્તિ પ્રકટ થઇ તેને ગામમાં લાવી એક સ્થળે કેટલાક સમય સુધી રાખવામા આવી. છેવટે કરકરેને એક રાત્રે ભગવાને એક મંદિર બંધાવી પ્રતિમાની પ્રતિષ્ટા કરવાનું દૈવી સ્વપ્ન આપ્યું જેથી તેમણે ઉક્ત મંદિર પોતાની સત્તાના પ્રભાવે ત્રણ દિવસ જેવા અલ્પ સમયમા તૈયાર કરાવી તેમા તે મૂર્તિનું પ્રતિષ્ટા સ્થાપન કરાવ્યું. અને મંદિરના નિભાવ માટે કેટલીક રકમ સરકાર તરફથી વર્ષાસન તરીકે ઠરાવી આપી. તથા ખૂટતી રકમ પોતાના તરફથી મોકલવાની વ્યવસ્થા કરી ત્યાં એક દક્ષણી બ્રાહ્મણની પૂજારી તરીકે નિમણોક કરી જેના વંશજ હજુ સુધી સેવા કરે છે. અને વર્ષાસન તથા નાગરિક જનોની મદદથી ખર્ચનો નિભાવ ચલાવે છે. પવિત્ર શ્રાવણ માસમા પૂર્ણિમાથી જન્માષ્ટમી પર્યન્ત પચીસ વર્ષથી ભજન સપ્તાહ થાય છે. તે સમયે ગુજરાતના ઘણાખરા ભાગમાથી દાક્ષણાત પ્રજા આ શુભ પ્રસંગનો લાભ લેવા આવે છે. જે ઘણેભાગે ગાવા બજાવામા કુશળ હોવાથી, ગાંધર્વ મંડળની જાણે પરિષદ્ ભરાઇ હોય તેવો ભાસ થાય છે. આ પ્રસંગનો સઘળો ખર્ચ નગરના ભાવિક ધનિકો તરફથી પૂરો પાડવામા આવે છે.

રાધાકૃષ્ણનું મંદિર—સં. ૧૯૬૩ ની સાલમા અત્રેના શ્રીમંત શેઠ ગાંધી દુર્લભદાસ ખુશાલની વિધવા બાઇ મણી કે જેનો એક ગુણવાન પુત્ર

યુવાવસ્થામાં ગુજરી જવાથી પોતાના વંશની વૃદ્ધિનો અંત આવ્યો તેથી પોતાની મિલ્કત ઇશ્વિર સેવામાં અર્પણ કરવાના શુભ આશયને લઇને બનાવ્યું છે. આ મંદિર મોખરાના સ્થળે નવીન પદ્ધત્તિની બાંધણીથી બાંધવામાં આવ્યુ છે. બહારના ભાગમાં દુકાનો તથા સુંદર મેડાબંધી માળ છે. અંદરના ભાગમાં રાધાકૃષ્ણનું નાનકડું બેઠી બાંધણીનું પત્થરનું રમ્ય દેવળ છે. જેમા ભગવાન કૃષ્ણની મનોહર શ્યામ મૂર્તિ રાધાની ગૌર અને લાલીત્ય પૂર્ણ પ્રતિમા સાથે શોભી રહી છે. આગળ એક વિશાળ ચોક કુવો અને નાનું સરખું કદળી સ્તંભોથી સુશોભિત ઉદ્યાન છે. આસપાસ છાપરાંવાળી પડાળીઓ છે. આ સ્થાન નગરના મધ્ય ભાગમા તથા વ્યવસ્થાવાળું હોવાથી વારંવાર સાર્વજનિક ઉપયોગમા વપરાય છે. મંદિરની દુરસ્તી તથા સેવાનો ખર્ચ દુકાનના ભાડાં તથા ટ્રસ્ટની રકમમાથી થાય છે.


નીલકંઠેશ્વર મહાદેવ—સિદ્ધેશ્વર મહાદેવની સંસ્થાના જેવી બીજી સંસ્થા નીલકંઠેશ્વર મહાદેવની છે. આ મહાદેવની પ્રતિષ્ટા સિદ્ધરાજની રાણીના હસ્તે થયેલી છે. જેથી તેની સેવા સૌગંધિક તથા ઉત્તમ પંક્તિના દ્રવ્યોથી કરવામાં આવે છે. આ સંસ્થા શ્રીમદ્ જગદ્‌ગુરૂ શંકરાચાર્યના સ્થાપિત શારદામઠની એક શાખા છે. અને તેને અંગે ચતુર્થાશ્રમી સંન્યાસીઓને રહેવાને માટે એક મઠ છે. આ સંસ્થાના નિર્વાહ સારૂ દેથળી નામે ગામનું વતન આપવામા આવેલુ હતું. પરંતુ હાલમા તે ગામ સરકાર તરફથી જપ્ત કરવામાં આવેલ છે. અને નિભાવને માટે વર્ષાસન બાંધી આપેલું છે. મહાદેવની પૂજા સેવા માટે, એક વૈદીક બ્રાહ્મણ તથા તપોધનની નિમણોક કરેલી છે. તથા વહીવટ સાચવવા માટે એક કારભારી રાખેલ છે. મહાદેવનુંણ બા સ્નિગ્ધ, શ્યામ અને પ્રતિભાશાળી છે. દેવાલય મોટું અને જોવા લાયક છે. મઠમા અવરનવર સંન્યાસીઓની કેટલીક સંખ્યા કાયમ રહેછે.

પશવાદળની પોળ પાસે—સંન્યાસીઓના નિવાસ માટે મુબઇના કાનજી ખેતસી શેઠ તરફથી એક છત્ર બાંધવામાં આવેલ છે. તે જગા કેટલોક સમય થયા ટ્રસ્ટીઓ તરફથી સુધારવામા આવી છે. અને ઉતારૂઓને સર્વ રીતે સાનુકુળ થઇ પડે તેવા એક ભવ્ય અને આકર્ષક ભવનથી વિભુષિત કરેલી છે તેમાં સાધુ સંન્યાસી તથા પરમહંસો માટે, નિવાસ અને ભોજનની વ્યવસ્થા છે. તથા સાસારિક મુસાફરોને ઉતરવાને માટે પણ ગોઠવણ કરવામાં આવેલી છે. તેના અંદર એક પત્થરથી બાંધેલો કુંડ તથા શિવાલય છે. આગળની જગા ખુલ્લી છે. પાસે અન્નક્ષેત્ર છે. આ

સ્થાન એવા એકાંત સ્થળમાં આવેલું છે કે જ્યાથી સૃષ્ટિ સૌન્દર્યના ભક્તોને પ્રકૃતિનું ક્ષણે ક્ષણે નવિનતા ધારણ કરતુ રૂપ નજરે આવે છે. તેવુંજ એકાન્ત પુજ્ય સાધુને પણ અનુકુળ થઇ પડે તેવું છે. તેની વ્યવસ્થા ટ્રષ્ટના પ્રમુખ મુબઇના બેરીસ્ટર વિશ્વનાથ પ્રભુરામની દેખરેખ તળે છે. તેમના તરફથી એક કારભારી રાખવામા આવેલ છે.

આ સીવાય જાત્રાળુઓને ઉતરવા માટે સરકારી ધર્મશાળા, બિંદુસરોવરને રસ્તે આનંદભુવન તથા પોલાદીવાસ આગળ ભાટીયાની ધર્મશાળા છે.

હરે રામ હરે રામ રામ રામ હરે હરે,
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે.



॥ अथ शिवार्तिः ॥

ॐ जयगङ्गाधरहर, शिवजयगिरिजाधीश, शिव०
त्वंमांपालयनित्यंकृपयाजगदीश ॥ हरहरहरमहादेव ॥ १ ॥
कैलासेगिरिशिखरेकल्पद्रुमविपिने ॥ शिव०
गुंजतिमधुकरपुंजेकुंजवनेगहने ॥ हरहर० ॥ २ ॥
कोकिलकूंजतिखेलति, हंसावनललिता ॥ शिव०
रचयतिकलाकलापंनृत्यतिमुदसहिता हरहर० ॥ ३ ॥
तस्मिँल्ललितसुदेशेशालामणिरचिता ॥ शिव०
तन्मध्येहरनिकटेगौरीमुदसहिता ॥ हरहर० ॥ ४ ॥
क्रीडांरचयतिभूषांरंजितनिजमीशं ॥ शिव०
ब्रह्मादिक सुरसेवितप्रणमतितेशीर्षं ॥ हरहर० ॥ ५ ॥
विबुधवधूर्बहुनृत्यतिहृदयेमुदसहिता ॥ शिव०
किन्नरगानंकुरुते, सप्तस्वरसहिता ॥ हरहर० ॥ ६ ॥
धिनकतथैथैधिनकतमृदङ्गंवाजयते ॥ शिव०
क्वणक्वणललितावेणुर्मधुरंनादयते ॥ हरहर० ॥ ७ ॥
रुणुरुणुचरणेरचयतिनूपुरमुज्ज्वलिता ॥ शिव०
चक्रावर्तेभ्रमयतिकुरुतेतांधिकताम् ॥ हरहर० ॥ ८ ॥
तांतांल्लुपचुपतालंनादयते ॥ शिव०
अंगुष्ठाङ्गुलिनादंलस्यकतांकुरुते ॥ हरहर० ॥ ९ ॥
कर्पूरद्युतिगौरंपंचाननसहितं ॥ शिव०
त्रिनयनशशिधरमौलेविषधरकण्ठयुतं ॥ हरहर० ॥१०॥
सुंदरजटाकलापं पावकयुतभालं ॥ शिव०
डमरुत्रिशूलपिनाकंकरधृतनृकपालम् ॥ हरहर० ॥११॥

शंखनिनादंकृत्वाझल्लरिनादयते ॥	शिव०
नीराजयतेब्रह्मावेदऋचांपठते ॥	हरहर० ॥१२॥
इतिमृदुचरणसरोजे हृदिकमलेधृत्वा ॥	शिव०
अवलोकयतिमहेशंईशंअभिनत्वा ॥	हरहर० ॥१३॥
रुंडरचितउरमालापंन्नागमुपवीतम् ॥	शिव०
वामविभागेगिरिजारूपंअतिललितं ॥	हरहर० ॥१४॥
सकलशरीरेमनसिजकृतभस्माभरणं ॥	शिव०
इतिवृषभध्वजरूपंतापत्रयहरणम् ॥	हरहर० ॥१५॥
ध्यानंआरतिसमयेहृदयेइतिकृत्वा ॥	शिव०
रामंत्रिजटानाथंईशंअभिनत्वा ॥	हरहर० ॥१६॥
संगितमेवंप्रतिदिनपठनंयःकुरुते ॥	शिव०
शिवसायुज्यंगच्छतिभक्त्यायःशृणुते ॥	हरहर० ॥१७॥

॥ इति शिवार्तिः ॥

અમદાવાદ—સલાપોસરોડ;
ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટિંગ પ્રેસમાં,
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

શ્રી સિદ્ધપુર ધન્વંતરી કાર્યાલય.

રોગ મટાડનારી ચમત્કારી ઔષધીઓ તો સઘળી આયુર્વેદમાં છે. જે ધન્વંતરી ભગવાનના અવતારથી પ્રસિદ્ધ થઇ ચુકી છે. તેને પ્રગટ કરવાની પ્રગતિ જેટલી બને તેટલી દેશની કલ્યાણકર આબાદિરૂપ છે. એ હેતુથી અત્રેના સરસ્વતી તીર્થના વનસ્પતિ પૂર્ણ પ્રદેશનો લાભ લઇ શરૂ કરેલું શ્રી ધન્વંતરી કાર્યાલય લોકસેવામાં આગળ વધી રહ્યું છે. તેની ખાત્રી જે જે સજ્જનોને થઇ છે તે અભિમાનપૂર્વક આ કાર્યાલયની ઔષધીઓ વાપરે છે. લોકોની પ્રતિતિ માટે આ કાર્યાલયનું કામ અને તેના સંચાલકોની ચિકિત્સા પદ્ધતિ મશહુર છે કારણ આ સંસ્થા બિંદુસરોવર બિરાજતા મહાત્મા શ્રી ધનેશ્વરજીની પ્રસાદિરૂપ છે.

નીચેને સરનામે મળો અથવા પત્રવ્યવહાર કરોઃ—

પંડિત જગન્નાથ ગોપાળજી વૈદ્ય.

મુ સિદ્ધપુર અને અમદાવાદ માંડવીની પોળ સાતસ્વરૂપની હવેલી.